
# સંત વિનોબા

મીરા ભટ્ટ



GJ 891.474
B 469 S

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# સંત વિનોબા

મીરા ભટ્ટ

યજ્ઞ પ્રકાશન
ભૂમિપુત્ર હુઝરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧

આઠ રૂપિયા
પ્રથમ આવૃત્તિ
માર્ચ ૧૯૯૫ પ્રત ૩,૦૦૦

Acc. No. 130272
Date 10-9-2010

GJ
891.47
B469 S

**પ્રકાશક**
કાન્તિ શાહ
**યજ્ઞ પ્રકાશન સમિતિ**
હુઝરાત પાગા વડોદરા ૩૯૦ ૦૦૧.

Library IIAS, Shimla
GJ 891.474 B 469 S
00130272

**મુદ્રક**
જગદીશ શાહ
યજ્ઞ મુદ્રિકા ભૂમિપુત્ર હુઝરાત પાગા વડોદરા-૩૯૦૦૦૧

## દીવડે દીવડો પ્રગટાવીએ

વિનોબા-જન્મ-શતાબ્દી નિમિત્તે વ્યાપક જનતા માટે આ 'સંત વિનોબા' છપાઈ રહ્યું છે. વિનોબા ભારે મોટા જ્ઞાની અને પ્રકાંડ પંડિત હોવા છતાં આખરે તેઓ સાધારણ જનના માણસ હતા. સામાન્ય માણસ એમને ગમતો. તેઓ કહેતા કે ભારતનો ગામડિયો માણસ મને ખૂબ ગમે છે, કારણકે એની આંખોમાં મને ભારતનો ઈતિહાસ વાંચવા મળે છે.

ભારત દેશના આ સામાન્ય જનો પાસે પહોંચવા વિનોબા ગામે ગામ પગપાળા ચૌદ-ચૌદ વર્ષ સુધી સૌના કલ્યાણ માટે ફર્યા, ત્યારે લોકોએ એમને 'સંત' કીધા અને આવકાર્યા. સંતોનું આ જ કામ છે-દેશના સંસ્કારરૂપી લોહીને શરીરમાં ફરતું રાખવું ! સંતો ફરતા રહે છે, ત્યાં સુધી દેશ થનગનતો રહે છે. એટલે જ શાસ્ત્રોએ આજ્ઞા આપી કે चरैवेति चरैवेति ચાલતા રહો ! ચાલતા રહો.!....

વિચાર પણ સતત વહેતો રહે છે. આજે 'સંત' વિનોબાની 'પદયાત્રા' આપણી વચ્ચે નથી, પણ 'સંતે' આપેલું વિચારભાથું છે. એને આપણા જીવનમાં સંચરિત થવા દઈએ તો આપણી ભીતરનું સંતત્વ પણ સંકોરાશે.

૪૪૭, શિશુવિહાર સામે
ભાવનગર-૩૬૪ ૦૦૧.

**મીરા ભટ્ટ**

# અનુક્રમ


| | | | | |
|---|---|---|---|---|
| ૧. બાળપણમાં | .... | .... | .... | ૫ |
| ૨. બાપુનાં ચરણોમાં | .... | .... | .... | ૯ |
| ૩. વર્ધાના વડલાની છાંયે | .... | .... | .... | ૧૩ |
| ૪. જેલ પણ એક તીર્થધામ | .... | .... | .... | ૧૯ |
| ૫. પવનાર -પરંધામમાં | .... | .... | .... | ૨૬ |
| ૬. ભૂદાન-આરોહણ | .... | .... | .... | ૩૧ |
| ૭. સૂક્ષ્મ કર્મયોગ | .... | .... | .... | ૪૧ |
| ૮. અંતિમ પર્વ | .... | .... | .... | ૪૭ |

# ૧. બાળપણમાં

## (૧૮૯૫ થી ૧૯૧૬)

વિનોબાજીનું મૂળ નામ તો વિનાયક નરહરિ ભાવે. પરંતુ ભારતના લોકો એમને 'સંત વિનોબા' અથવા 'આચાર્ય વિનોબા ભાવે' ના નામે ઓળખે છે. એમનું જીવન સંતોનાં જીવન જેવું હતું એટલે તેઓ 'સંત' તરીકે જાણીતા થયા. તેઓ ભારે વિદ્વાન હતા, વેદ-ઉપનિષદ-ગીતા જેવા ઘણા શાસ્ત્રગ્રંથોનો તેમને ઊંડો અભ્યાસ હતો, અને વળી એ બધું જ્ઞાન જીવનમાં ઉતારવા મથતા એટલે તેઓ ભણેલાગણેલા લોકોની દુનિયામાં 'આચાર્ય' તરીકે પંકાયા.

### દાદાજી પાસેથી ભક્તિના સંસ્કાર

મૂળ તો એ મહારાષ્ટ્રના. મરાઠી એમની માતૃભાષા. કોંકણ પ્રદેશનું ગાગોદા નામનું ગામ એમનું મૂળ વતન. ત્યાં ૧૮૯૫ના સપ્ટેમ્બરની ૧૧મી તારીખે એમનો જન્મ થયો. એમના વડ-દાદાજીને આ ગાગોદા ગામ એમની વીરતા માટે ઈનામમાં મળેલું. એમના દાદા શંભુરાવ ભાવે પણ ધરમના માણસ હતા. ભગવાન માટેની અપાર ભક્તિ વિનોબાને વારસામાં મળી હોય તો તે આ દાદાજી અને પોતાની મા રખુમાઈ તરફથી મળેલી.

દાદાજી પૂજા-પાઠ કરતા. જુદા જુદા વ્રત-ઉપવાસ પણ કરતા. બાળકોને સારા સારા શ્લોકો અને પ્રાર્થના શીખવતા. મા તો ભારે મીઠડી. ગોરો ગોરો વાન અને ભક્તિ ભરેલી આંખો. બાળકોને વાતવાતમાં જીવનના ઉમદા પાઠ ભણાવી દે.

### મા પ્રથમ ગુરુ બની

વિનાયકને બીજા નાના ત્રણ ભાઈ અને એક બહેન. બાળકૃષ્ણ-શિવાજી-દત્તુ અને શાંતા. ગામનાં બીજાં બાળકો સાથે આસપાસના ડુંગરાઓમાં રખડયા કરે અને કુદરતને ખોળે મહાલ્યા કરે. એમના ઘરમાં ફણસનું એક ઝાડ. ફણસ મોટુંમસ્સ ફળ. ઘણી બધી પેશી એમાં હોય. બાળકોને ખૂબ ભાવે. ઝાડ ઉપર હજુ પાકતું હોય ત્યાં બાળકોનાં મ્હોંમાં પાણી લાવે. રાહ જોઈને જ બાળકો દિવસો ગણે. ઝાડ ઉપરથી જેવું ફળ ઊતરે કે તરત બાળકો માને વીંટળાઈ વળે. પણ બાળકોના મોંમાં પેશી જાય તે પહેલાં અડોશ-પડોશમાં બબ્બે પેશીઓ વહેંચવા બાળકોને મોકલી આપતી. બાળકોને સીધી સાદી ભાષામાં સમજાવતી કે, જુઓ બેટા, તમને રાક્ષસ થવું તો ન ગમે ને ? દેવ થવું સૌને ગમે. જે પોતાની પાસે રાખી મૂકે તે 'રાક્ષસ' કહેવાય અને બીજા ને જે 'દે' તે 'દેવ' કહેવાય.

વિનોબાજી કહે છે -બીજાને આપવાનો આનંદ, ખવડાવીને ખાવાનો સંસ્કાર મને મા પાસેથી મળ્યો. ભૂદાનનું મૂળ આમાં જ છે.



I

## ભકિતનું સાક્ષાત્ શિક્ષણ

માને સંભારી સંભારીને ખૂટે નહીં એટલી વાતો વિનોબા કર્યા કરે. માની વાતો કરતાં એ ધરાય જ નહીં, એવી એમની માતૃભકિત ! નાનપણનું એક દશ્ય વિનોબા કયારેય ભૂલી તો ન જ શકયા, પરંતુ જેટલી વાર એ આંખો સમક્ષ આવીને ઊભું રહે, તેટલી વાર એ પુણ્ય-સ્મરણથી આંખોમાંથી દડ દડ આંસુની ધારા વહે.

માનું કામ તો દિવસ આખો ચાલ્યા કરે. પરોઢિયે વહેલા ઊઠી દળતાં દળતાં ભજનો ગાતી જાય અને પછી ચાલે બધાં ઘરકામ. ઠેઠ બપોરે સૌ કોઈને જમાડી-પરવારી 'દેવઘર' માં જઈ ભગવાન સામે બેસતી અને મરાઠીમાં નાનકડી પ્રાર્થના ગાતી. પછી પોતાના બેઉ કાન પકડીને કહેતી, '' હે અનંત કોટી બ્રહ્માંડનાયક, મારા અપરાધ ક્ષમા કર !'' અને પછી એની આંખોમાંથી આંસુની ધારા વહેતી. આ નાનકડા દશ્યને યાદ કરી ચોધાર આંસુએ રડતા વિનોબા કહેતા- અનુભવોથી ભરેલા કેટલાય ગ્રંથો મને વાંચવા મળ્યા છે અને મને સત્સંગતિ પણ પ્રાપ્ત થઈ છે. આ બધાને ત્રાજવાના એક પલ્લામાં રાખું અને બીજા પલ્લામાં સાક્ષાત્ ભકિતનું આ જે શિક્ષણ મળ્યું, એ દર્શનને રાખીને જોખું છું તો આ દર્શનનું પલ્લું નીચું નમી જાય છે !

ભૂદાનયાત્રામાં જ્યારે વડોદરા જવાનું થયું, ત્યારે એમના રાવપુરાના જૂના ઘરમાં પણ એમને લઈ ગયા. ઘરમાં દાખલ થતાં જ તરત તેઓ દેવઘરના સ્થાને પહોંચીને ધ્યાનમાં બેસી ગયા. થોડી વારમાં તો આંખોમાંથી આંસુનાં ગંગા-જમના વહેવા લાગ્યાં. મા-પુત્રની સાક્ષાત્ ભકિતનું આ બીજું પાવનકારી દશ્ય હતું. જે જોઈ જોનારા ધન્ય થયા !

મા માટે દીકરો કહે છે - હે માવડી ! તેં મને જે આપ્યું છે તે બીજા કોઈએ નથી આપ્યું, પરંતુ મૃત્યુ પછી પણ તું મને જે આપી રહી છે, તે તો તેં મને જીવતે જીવત પણ નથી દીધું. આત્માના અમરત્વની આટલી સાબિતી પણ મારા માટે પૂરતી છે !

આવો હતો મા-દીકરાનો અતૂટ સંબંધ !

મા વિનાયકને લાડમાં 'વિન્યા' કહેતી. એ રોજ જમતા પહેલાં પૂછતી- વિન્યા, તુલસીને પાણી પાયું ? ગાયને રોટલી આપી ? દાદાજીની જેમ મા પણ ઉદાર દિલની હતી, સેવામયી હતી. ઘરમાં કુટુંબીઓ ઉપરાંત બીજા પણ જરૂરિયાતવાળા લોકો રહ્યા કરતા, પણ બધા પ્રત્યે મા સમાન વહેવાર રાખતી.

## પિતામાં કળા-વિજ્ઞાનનો સંગમ

પિતા નરહરિ ભાવેને વિજ્ઞાન ખૂબ ગમે. કળાના પણ પ્રેમી. એમનો ઓરડો પ્રયોગશાળા જેવો લાગે. જાતજાતના રંગો બનાવવાનું ખૂબ ગમે. હાથ-બનાવટની ચીજો પણ

એમનો પ્રિય વિષય. એક વાર વિનોબાને એવો પત્ર લખેલો કે એ કાગળ પણ એમણે જ બનાવેલો. કાગળ પરની શાહી, કાગળ પર લખવા માટેની કલમ પણ એમણે પોતે જ જાતે બનાવેલી. લખનાર તો પોતે હતા જ. આમ બધું સો ટકા સ્વદેશી. સ્વદેશી વિચાર અંગે ગાંધીજી સાથે એમને ખૂબ ફાવતું.

પિતાજીની વડોદરામાં નોકરી. વિનાયક દશ વર્ષનો થયો, ત્યાં સુધી કુટુંબ ગાગોદામાં રહેતું. દિવાળીમાં પિતાજી ઘેર આવે ત્યારે બાળકો મીઠાઈની રાહ જોતાં હોય. એક વાર પિતાએ આણેલું પેકેટ લઈ વિન્યો દોડતો દોડતો મા પાસે પહોંચ્યો. માએ ખોલીને જોયું તો બે પુસ્તક : રામાયણ અને ભાગવત ! મા કહે-બેટા, તારા બાપુ તો મજાની મીઠાઈ લાવ્યા છે. આનાથી રૂડી બીજી કઈ મીઠાઈ હોઈ શકે ?

## બાળબ્રહ્મચર્યનો સંકલ્પ

મોટા થયા પછી પણ વિનોબાને સુંદર પુસ્તક કરતાં વધારે સારી મીઠાઈ કોઈ લાગતી નહીં.

ગાગોદાના ભકિત-ભાવભર્યા વાતાવરણમાં અને મુખ્ય તો પૂર્વ જીવનની અણમોલ કમાણીને કારણે દશ વર્ષની ઉંમરે જ વિનાયકને સંકલ્પ લેવાની શ્રદ્ધા જાગી કે હું તો આજીવન બ્રહ્મચર્યવ્રત પાળીશ ! આમ સાચા અર્થમાં વિનોબા 'બાળબ્રહ્મચારી' હતા. ત્યાર પછીનાં જે વર્ષો વડોદરામાં ગયાં તેમાં એક બાજુ શાળાનો અભ્યાસ તો બીજી બાજુ આદર્શ બ્રહ્મચારી અને સંન્યાસી બનવાની સાધના. ઉપનિષદો, ગીતા, મરાઠી સંતોના ધર્મગ્રંથો એક પછી એક હાથમાં લીધા. અભંગો-શ્લોકો-ભજનોનું રટણ ચાલતું. જીવન પણ સાદું અને ખડતલ. ભોંય પર શેતરંજી પાથરી સૂએ, ભોજન મરચાં વગરનું સાદું ! કલાકો સુધી બહાર એકાંતમાં રખડવા ચાલ્યા જાય. સમોવડિયા ભાઈબંધોની ટોળકી બની ગયેલી. એમની સાથે કલાકો સુધી જ્ઞાનચર્ચાઓ ચાલ્યા કરતી. ત્યારથી જ સૌને સમજાઈ ગયું હતું કે વિનાયક કોઈ વિરલ આત્મા છે.

## ભણવામાં પણ એક્કો

બુદ્ધિ તો પ્રખર હતી જ. શાળાનો અભ્યાસ તો એમને મન રમત વાત. ગણિત ખૂબ ગમે અને એ આવડે પણ એવું કે માસ્તર ગોથાં ખાય તો દાખલો એ બેસાડી આપે. પિતાજીના આગ્રહને કારણે બીજી ભાષા તરીકે ફ્રેંચ લીધેલી, પણ મા કહેતી- આ સવારના પહોરમાં શું યસ-ફસ રટવા બેઠો છે ! સંસ્કૃત શીખ, સંસ્કૃત ! અને ભવિષ્યમાં સંસ્કૃત પણ એવું શીખી લીધું કે માતૃભાષા પછી એનો જ નંબર લાગે.

રખુમાઈને ધાર્મિક પુસ્તકો વાંચવાં ગમે, પણ સંસ્કૃત ગીતા સમજાય નહીં અને મરાઠી અનુવાદો પણ એવી અઘરી ભાષામાં કે કશું પલ્લે પડે નહીં. એક દિવસ મા કહે - વિન્યા બેટા,

હું સમજી શકું એવો ગીતાનો અનુવાદ તું જ કરી આપ ને !

નાનકડા બાળક પર મુકાવાયેલો માનો આવડો મોટો વિશ્વાસ ! કાળક્રમે આ જ વિશ્વાસમાંથી મરાઠી ભાષામાં 'ગીતા' કવિતા રૂપે ઊતરી, અને માની યાદમાં વિનોબાએ એનું નામ આપ્યું ગીતાઈ. ગીતા + આઈ, આઈ એટલે મા ! આજે મહારાષ્ટ્રનાં ઘેર ઘેર આ મરાઠી શ્લોકોવાળી 'ગીતાઈ' પહોંચી ગઈ છે અને અસંખ્ય માતાઓ માટે જીવનનું ભાથું બની ગઈ છે.

## બ્રહ્મપ્રાપ્તિ માટે ગૃહત્યાગ

બ્રહ્મચર્ય અને સંન્યાસની ધૂન તો હતી જ, તેમાં વળી આઝાદીની તમન્ના પણ જાગી. આપણો ભારત દેશ ગુલામ હોય તો કેમ ચાલે ? અંગ્રેજોને હટાવવા ક્રાંતિ કરવા માથું મૂકવું પડે તો એ પણ કરી છૂટવાની ધગશ જાગતી.

બંગાળના જેવી ક્રાંતિની મશાલ પેટાવવાનો તલસાટ જાગતો. આમ હૈયામાં વિચાર-વલોણું ચાલ્યા કરતું હતું ત્યાં ઈન્ટરની પરીક્ષા આપવા મુંબઈ જવાનું થયું. પરંતુ મુંબઈ લઈ જતી રેલગાડીમાંથી વચ્ચે સૂરત જ ઊતરી જઈ ભગવાનને મેળવવા કાશીનો રસ્તો લીધો અને ઘેર પત્ર લખી નાંખ્યો કે - ઘર છોડીને કયાંક જઈ રહ્યો છું. તમને ભરોસો હશે જ કે હું ગમે ત્યાં જઈશ પણ મારા હાથે કશું ય અનૈતિક કામ નહીં થાય !

૧૯૧૬માં ૨૧ વર્ષની ઉંમરે આ બાળવૈરાગીએ ગૃહત્યાગ કર્યો. ઘર છોડીને હમેશ માટે જતા રહેલા દીકરા માટે મા બોલી- હવે એ પાછો નહીં આવે. હું એને સારી પેઠે ઓળખું છું. એ કાંઈ નાટક- સિનેમા જોવા નથી ગયો. એ તો બ્રહ્મની ખોજ કરવા નીકળ્યો છે ! મને એનું ગૌરવ છે !

ઘર છોડવાની વાત એમના અંતરમાં ક્યારની ય અંકાઈ ગઈ હતી. શંકરાચાર્યના ચેલા હતા ને ! ઘર તો છોડયું, કુટુંબીજનની આસક્તિ તો હતી જ નહીં, પરંતુ કુટુંબના ગૌરવને એમણે વધાર્યું. એમના જ પ્રતાપે, બે નાના ભાઈ પણ સંન્યાસને પંથે વળ્યા અને પૂર્વેની મહારાષ્ટ્રની સંત બંધુ- ત્રિપુટી નિવૃત્તિ- જ્ઞાનદેવ અને સોપાનની જેમ આ વિનોબા-બાળકોબા- શિવોબાની સંન્યાસી બંધુ- ત્રિપુટી ભારતને મળી !

# ૨. બાપુનાં ચરણોમાં

## (૧૯૧૬ થી ૧૯૨૧)

अथातो ब्रह्मजिज्ञासा - બ્રહ્મની ખોજ માટે કાયમ મ  ઘર છોડીને કાશી પહોંચી ગયા. સાથે ભોળારામ નામનો એક બાળમિત્ર પણ હતો. કાશીમાં દુર્ગાકુંડ પાસે ચોથા માળે એક નાનકડી ખોલી ભાડે રાખી, અન્નક્ષેત્રમાં જમવાનું રાખ્યું. એક ટંક ભોજન ત્યાં મળે, ઉપરાંત બે પૈસા દક્ષિણા મળતી, તો તેમાંથી દહીં અને બાફેલાં શકકરિયાં ખાઈ સાંજનું ભોજન પતાવી લેતા.

કાશી તો જ્ઞાનની નગરી. ત્યાં મોટા મોટા પંડિતો રહે. એમની પાસે વેદ- ઉપનિષદ - ગીતા નો જ્ઞાનાભ્યાસ શરૂ કર્યો. પરંતુ સામાન્ય વિદ્યાર્થીને જે શીખતાં વર્ષો લાગે, તે જ્ઞાન મહિનાઓમાં એમણે શીખી લીધું. અન્નક્ષેત્રમાં લાંબી લાંબી કતારોને ભોજન પીરસી રહેતાં દોઢેક કલાક લાગી જતો, ત્યારે બીજા વિદ્યાર્થીઓ ટોળટપ્પાં લગાવતા, ત્યારે વિનોબા આખી ગીતાનું પારાયણ કરી લેતા.

પરંતુ દુઃખદાયક ઘટના એ બની કે વિનાયકનો પેલો લંગોટિયો મિત્ર ભોળા બેડેકર બે મહિનામાં જ માંદો પડી ગયો અને જોતજોતામાં તો એ ભગવાનને ઘેર પહોંચી ગયો. વિનાયકે મંત્રોચ્ચાર સાથે એના અગ્નિ - સંસ્કાર કર્યા.

### શાંતિમય ક્રાંતિનાં ચરણોમાં

આમ કાશી- નિવાસમાં અખંડ જ્ઞાનયજ્ઞ ચાલતો હતો. બ્રહ્મપ્રાપ્તિ દ્વારા ચિરશાંતિ પ્રાપ્ત કરવાના માર્ગે નીકળી પડયા હતા, છતાં મનમાંથી બંગાળની ક્રાંતિનું ખેંચાણ હજુ ઓછું થયું નહોતું. એક તરફ હિમાલયની શાંતિ ખેંચે, બીજી તરફ બંગાળની ક્રાંતિ બોલાવે, આવી દ્વિધા હતી, દરમ્યાન કાશીમાં ગાંધીજીના તાજેતરમાં જ અપાયેલા ભાષણની ગરમાગરમ ચર્ચા ઠેર ઠેર ચાલતી હતી. કાશીના હિંદુ વિશ્વવિદ્યાલયમાં ગાંધીજીએ રાજા- મહારાજાઓના દરબારોના ઠઠારા વિષે કઠોર શબ્દોમાં ઝાટકણી કાઢી સૌને નિર્ભયતાપૂર્વક દેશની આઝાદી માટે લડવા આગળ આવવાની હિમાયત કરી હતી. આ ભાષણનો હેવાલ છાપામાં વિનાયકે પણ વાંચ્યો. મનમાં થોડી શંકાઓ જાગી એટલે ગાંધીજીને પત્ર લખ્યો. ગાંધીજીએ એનો જવાબ વાળતાં લખ્યું કે - આવા પ્રશ્નોનું સમાધાન વાતોથી ન થાય, જીવન જીવવાથી થાય. આ વાતની અસર વિનોબા પર પડી અને ગાંધીજીના લખવા મુજબ એ અમદાવાદ સત્યાગ્રહાશ્રમમાં ગાંધી બાપુ પાસે પહોંચી ગયા, અને એમને બાપુનાં ચરણોમાં શાંતિ અને ક્રાંતિનું સંગમતીર્થ જ મળી ગયું.

આ દિવસ હતો, ૭ જૂન ૧૯૧૬નો. અમદાવાદના કોચરબ આશ્રમમાં પહોંચ્યા ત્યારે બાપુ શાક સમારી રહ્યા હતા. દેશનો આવડો મોટો રાષ્ટ્રનેતા જાતે શાક સમારે - એવી તો સ્વપ્ને

પણ કલ્પના નહીં કરેલી !.. વગર કીધે શ્રમ અને સ્વાશ્રયનો પાઠ ભણવા મળી ગયો. પછી તો લાંબી વાતચીત ચાલી, પૂછપરછ થઈ. બધું જાણીને છેલ્લે બાપુ બોલ્યા- તું આટલો બધો નબળો કેમ લાગે છે ? આત્મજ્ઞાની કદી બીમાર ન પડે ! વિનોબા કહે છે કે આ બીજો પાઠ મને પહેલી જ મુલાકાતમાં મળ્યો કે યોગી કદી રોગી ન હોય !

આશ્રમમાં સ્થાન તો મળી ગયું, પરંતુ વિનાયક ભારે અતડા. કોઈની સાથે ઝાઝું બોલવાનું નહીં, કામ સાથે કામ. ભાષા પણ થોડી તોછડી. મુખ્ય તો કામ કર્યે રાખે અને પોતાની ઓરડીમાં ધ્યાન-મનન-ચિંતન...! પણ રતન ભલે ચીંથરે વીંટ્યું હોય, ક્યાં સુધી છૂપું રહે! ધીરે ધીરે એકેક વાતની બીજા આશ્રમવાસીઓને ખબર પડતી ગઈ ! અરે, આ તો સંસ્કૃત જાણે છે ! કયારેક તત્ત્વચર્ચા પણ કરી જાણે છે ! સંન્યાસી છે ! અને પછી તો વિનાયકમાં રહેલા ગુણોએ એવો જાદુ ફેલાવ્યો કે આશ્રમવાસીઓના એ 'વિનાયક ભાવે' ને બદલે 'વિનોબા'બની ગયા. મહારાષ્ટ્રમાં સંતોનાં નામ પાછળ આદરસૂચક 'બા' લગાડાય છે. જ્ઞાનોબા-તુકોબા-વિઠોબા એ જ રીતે આ 'વિનોબા'!

## દુર્લભ રત્નોમાંના એક

બાપુએ તો એમનું હીર પારખી જ લીધું હતું. તેમાં વળી એક વર્ષ માટે પોતાનું અધ્યયન તથા તબિયત સુધારવા બાપુની રજા લઈ બહાર ગયા, ત્યારે એ એક વર્ષની વાતો બાપુને પત્રમાં લખી જણાવી, એ વાંચીને તો બાપુથી બોલાઈ ગયું. - 'ગોરખે મછંદરને હરાવી દીધો! ભીમ છે ભીમ !' અને જવાબમાં લખ્યું તમારા માટે ક્યું વિશેષણ વાપરું એ નથી સમજાતું. તમારો પ્રેમ અને ચારિત્ર્ય મને મુગ્ધ કરી લે છે ! .... તમે મોટી સેવાનું નિમિત્ત બનશો. તમને ઈશ્વર દીર્ઘાયુષી બનાવો અને તમારો ઉપયોગ હિંદની ઉન્નતિ સારુ થાઓ ! '

દીનબંધુ એન્ડ્રુઝને એમણે કહેલું - 'આશ્રમમાં લોકો કશુંક મેળવવા આવે છે. પણ વિનોબા તો આશ્રમને જ પોતાનાં પુણ્યથી સીંચવા આવ્યા છે. તેઓ પામવા નહીં, આપવા આવ્યા છે. આશ્રમના દુર્લભ રત્નોમાંના તેઓ એક છે.'

વાઈની પ્રાજ્ઞશાળામાં અને મહારાષ્ટ્રની યાત્રામાં એક વર્ષ બહાર રહ્યા તેના વિષે સહજભાવે વિનોબાએ જે લખ્યું છે, તે કેટલું તો 'પ્રચંડ' છે, એ એમના જ પત્ર દ્વારા સમજીએ.

''જે લોભને સારુ હું બહાર રહ્યો, તે વિષેનું મારું કામ નીચે મુજબ થયું. : (૧) ઉપનિષદો (૨) ગીતા (૩) બ્રહ્મસૂત્ર અને શાંકરભાષ્ય (૪) મનુસ્મૃતિ (૫) પાતંજલ યોગદર્શન- આ બધા ગ્રંથોનો મેં અભ્યાસ કર્યો. એ ઉપરાંત (૧) ન્યાયસૂત્ર (૨) વૈશેષિક સૂત્ર (૩) યાજ્ઞવલ્કય સ્મૃતિ- આ ગ્રંથો હું વાંચી ગયો.

આ ઉપરાંત, ગીતા-ઉપનિષદ, જ્ઞાનેશ્વરી તથા ભાષાના વર્ગો ચલાવ્યા, ૪૦૦ માઈલનો પગપાળા પ્રવાસ કર્યો, જેમાં ગીતા પર પચાસ પ્રવચનો થયાં. વાઇમાં એક વિદ્યાર્થી-મંડળ સ્થાપ્યું !

આ બધું જાણીને ક્યા ગુરુ અને ક્યા બાપની છાતી ગજ ગજ ન ઊછળે !

## જ્ઞાન, કર્મ, ભક્તિનો તપોયજ્ઞ

ત્યારપછીનું સાબરમતી આશ્રમનું જીવન એટલે પ્રચંડ કર્મયોગીનું તપસ્વી જીવન બની ગયું. રેંટિયા પર આઠ-આઠ કલાક કાંતવાનું, પીંજણ અને વણાટનાં કામોમાં જુદા જુદા પ્રયોગોમાં કલાકોની મહેનત ચાલતી. વાણી, વર્તન અને વિચાર વચ્ચેનું અંતર ઘટાડવાનો સતત યજ્ઞ ચાલતો. બાપુ પૂછતા - આવા શરીરે આટલી બધી મહેનત શી રીતે કરી શકો છો ?

તો ટૂંકો અને ટચ જવાબ વિનોબાનો મળતો - 'કામ કરવાની ઇચ્છાશક્તિથી - સંકલ્પબળથી !'

જેવી પ્રચંડ કર્મશક્તિ, તેવી જ પ્રબળ અભ્યાસુ વૃત્તિ ! અર્થશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ખગોળ-ભૂગોળશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર - કશામાંય વિનોબા પાછા ન પડે. શબ્દકોશના અભ્યાસમાં એવા તો ખોવાઈ જતા કે પોતે જ ક્યારેક કહેતા કે મારું નામ 'કોશાનંદ' રાખવું જોઈએ.

## ગીતા જીવનમાં ઉતારી

'ગીતા'નું આકર્ષણ તો નાનપણથી જ હતું, પણ મુખ્ય આકર્ષણ હતું, ગીતાને જીવનમાં ઉતારવાનું. તેમાંય, હું દેહ નથી, આત્મા છું' - ગીતાની આ વાત તો જાણે એમના જીવનનું ધ્રુવપદ હતી.

એક વાર સાબરમતી નદીમાં નહાતાં નહાતાં તણાવા લાગ્યા. તરવાનું તો આવડતું નહોતું, નસીબમાં ડૂબવાનું જ હતું એટલે મોટેથી બૂમ પાડીને ઘાટ પરનાં ભાઈબહેનોને કહ્યું - 'બાપુને કહેજો કે વિનોબા તણાઈ ગયો છે, પણ તેનું દુ:ખ ન કરે ! દેહ નશ્વર છે, આત્મા અમર છે !'

'બચાવો-બચાવો'ને બદલે આ માણસ આ શું બોલી રહ્યો છે ? - ઘાટ પરનાં બહેનોને થયું. પણ આશ્રમના પુંડલિકજીનું ધ્યાન ગયું, એમણે નદીમાં ભૂસકો માર્યો. વચ્ચે આવેલા એક બેટ પર વિનોબા તણાઇને પહોંચી ગયેલા અને ત્યાં પણ આ જ મંત્ર ભણતા હતા.....આત્મા અમર છે ! પુંડલિકજી તો આભા જ બની ગયા.

આવો જ એક બીજો પ્રસંગ કાકાસાહેબ સાથેનો છે. ત્રીજા એક સાથી સાથે પગપાળા પ્રવાસે ગયેલા. એક વાર મુકામે પહોંચતાં સાંજ પડી ગઈ. હજુ વાટવચ્ચે હતાં, ત્યાં એક પુલ આવ્યો. પુલ પરના લાકડાનાં પાટિયાં વચ્ચે સાવ ખાલી જગ્યા હતી, જ્યાંથી નીચેની નદીનાં વહેતાં પાણી દેખાય ! પગ ચૂકે તો નીચે જ સરકી જવાય. જલદી જલદી ત્રણે ય જણે પુલ પાર કરવાનો નિર્ણય કર્યો. બીજા બે સાથી તો આગળ પાર ઊતરી ગયા, પણ વિનોબા અધવચ્ચે પહોંચ્યા હતા, ત્યાં પાછળથી ગાડીનો ધમધમાટ સંભળાયો. સાથીઓના જીવ તો અધ્ધર થઈ

ગયા. વિનોબાની આંખો પણ નબળી હતી, વળી અંધારું થવા લાગ્યું હતું ! શું થશે, શું થશેના હૈયાધબકાર વધી ગયા હતા, ત્યાં વિનોબા નજીક પહોંચી જતાં કાકાસાહેબે કહ્યું - Jump to the left . જેવા વિનોબાને પાટા પરથી નીચે કૂદકો મારતા જોયા તેવું કાકાસાહેબ સાંભળ્યું કે વિનાબા કોઈ ભજન ગણગણી રહ્યા હતા.

પાછળ કાળદૂત પડ્યો હતો, ત્યારે પણ 'ગીતા'નો આ લાડકો દીકરો દેહની ચિંતા છોડી આત્માના ગુણ ગાવામાં મગ્ન હતો, એ જોઈને કોણ હાલી ન ઊઠે ? દેહ પ્રત્યેની એમની આ અનાસક્તિ જગદ્‌ગુરુ શંકરાચાર્યની ધગધગતી વૈરાગ્યભાવનામાંથી મળી હતી. ગીતાએ એને પોષણ આપ્યું હતું. જાણે એમનું મૂળ હાડ જ સાચા વેદાંતીનું હતું.

આશ્રમના ઘણા પ્રસંગો હૈયાને હચમચાવી જાય તેવા છે, એ બધાની માંડીને વાત કેમ થાય ? પણ ટૂંકમાં સત્યાગ્રહાશ્રમની વિનોબાની સાધના એટલે સાચા સ્વરાજ્ય-સૈનિકની સાધના ! સાચા બ્રહ્મજિજ્ઞાસુની સાધના ! સાચા સાધક બનવાની સાધના !

## માની ગોદમાંથી વેદમાતાના ખોળે

૧૯૧૮માં આખા દેશમાં ઇન્ફ્લુએન્ઝા ફેલાયો અને હજારો લોકોનો એમાં ભોગ લેવાયો. વિનાબાનાં મા, બાપુજી, નાનો ભાઈ દત્તાત્રેય અને શાંતા પણ એમાં સપડાયાં. શિવાજી અને બાળકૃષ્ણ તો વિનોબાની પાછળ ગાંધીજી પાસે પહોંચી ગયા હતા. બાપુએ વિનોબાને સેવાચાકરી કરવા મોકલ્યા. દત્તુ તો આ બીમારીમાં હોમાઈ ગયો અને મા પણ બચી ન શકી. માને પોતે જ અગ્નિસંસ્કાર આપશે તેવું વલણ વિનોબાનું હતું. પરંતુ કૌટુંબિક પરંપરા મુજબ એ કાર્ય કોઈ ગોર-પુરોહિતે કરવાનું હતું, એટલે પરંપરાને આધીન ન થતાં માનો આ વહાલસોયો દીકરો ઘેર રહ્યો અને માના ઓરડામાં વેદપાઠ આરંભ્યો. કહે, 'મા ગઇ અને મને વેદમાતાને ખોળે મૂકતી ગઇ'.

સંન્યાસી હતા, તો ય માતાપિતા માટે મનમાં ભારે આદર હતો. મા માટે તો હૈયું એટલું ભીનું હતું કે માના મૃત્યુ પછી માની યાદગીરી રૂપે ઘરમાંથી બે ચીજ પોતાની સાથે લઈ લીધી. એક તો માની સાડી ! માનું આ પાનેતર હતું. બીજી લીધી મા અન્નપૂર્ણાની મૂર્તિ, જેની પૂજા મા રોજ કરતી. માની આ બેઉ યાદગીરી વર્ષો સુધી સાથે રહી. સાડી ઓશિકા રૂપે માથા નીચે રહેતી પરંતુ ખાદી જીવનમાં આવતાં સાડીને સાબરમતીમાં વહેવડાવી દીધી. માતાની મૂર્તિ ધ્યાન વખતે સામે રાખતા. મૂર્તિની નિત્ય પૂજા કરે એવી ભક્તિવાન સ્ત્રીની ખોજમાં હતા, તે છેવટે કાશીબહેન ગાંધીમાં જડી ગઈ, એટલે એમને સમર્પિત કરી.

આવી જ એક 'મોહિની'ની કહાણી છે. બાપુના અવસાન બાદ વિનોબાને બાપુ વાપરતા તે કામળો યાદગીરી રૂપે મળેલો. એને પણ વર્ષો સુધી નીચે પાથરીને પોતે ઉપર સૂતા. મોહનનું સંભારણું - એટલે મોહિની ! છે ને કવિહૃદય ! કવિ ખરા, પણ ક્રાંતિકારી કવિ ! 'કવિ-ક્રાંતદર્શી'! સંન્યાસી વૈરાગી ખરા, પણ 'ગુણાનુરાગી વૈરાગી'!

# ૩. વર્ધાના વડલાની છાંયે

(૧૯૨૧ થી ૧૯૩૮)

૧૯૧૬ પછીનાં વર્ષો એટલે આઝાદીનો ખરેખરીનો જંગ મંડાયાના દિવસો ! અંગ્રેજો સામે ગાંધીજીની સત્યાગ્રહસેના માથું મૂકીને ચાલી નીકળેલી. બાપુ આદેશ આપે – જેલ ભરો ! તો લાખો લોકો જેલ વહોરી લે. લાઠીઓ ખાય, ગામડે ગામડે ચણા-મમરા ફાકી પગપાળા ફરે ! ગાંધીજીના માથે આખા દેશની જવાબદારી ! અમદાવાદ થોડું એક બાજુ, પશ્ચિમના છેડે છેટું પડી જાય, એટલે સ્વરાજ્ય આંદોલનના ભામાશા જેવા શેઠ જમનાલાલ બજાજે બાપુને આગ્રહ કર્યો કે વર્ધામાં આશ્રમ બનાવીને તેઓ રહે. બાપુ તો ન ગયા, પણ બીજા આશ્રમવાસી દંપતીને મોકલી આપ્યા. પણ તેઓ માંદા પડ્યા, એટલે જમનાલાલજીએ વિનોબાની માંગણી મૂકી.

બાપુએ વિનોબાને પૂછ્યું. વિનોબાનો તો એક જ જવાબ હતો – 'બાપુ, આપ જે કામ સોંપશો તે મારી શક્તિ પ્રમાણે કરીશ'. અને ૧૯૨૧ની આઠમી એપ્રિલે ગુડી પડવાને દિવસે વિનોબા છ સાથીઓ સાથે વર્ધા પહોંચ્યા. વર્ધા એટલે મહારાષ્ટ્રના નાગપુર પાસે આવેલું ગામ ! પહોંચ્યા તે જ દિવસે જમનાલાલજીના બગીચામાં હાથઘંટીની પૂજા કરી, એના પર દળીને આશ્રમની પુનઃસ્થાપના કરી મંગળ પ્રયાણ આદર્યું.

વિનોબાનાં પૂરાં બાર વર્ષનું એક તપ આ આશ્રમને મળ્યું. જ્ઞાન-કર્મ અને ભક્તિના સમન્વયથી આશ્રમની સુગંધ ચોમેર ફેલાઈ રહી હતી. અનેક યુવાનોનું પોલાદી ચારિત્ર્યઘડતર અહીં ચાલી રહ્યું હતું. ગાંધીજીએ 'મંગળપ્રભાત' ના નામે આશ્રમવાસીઓ માટે અગિયાર જીવનવ્રતોનું જીવનભાથું તૈયાર કર્યું હતું, એને વિનોબાએ શ્લોકરૂપ આપી ભારતમાં પ્રાર્થનારૂપે ગૂંજતું કરી મૂક્યું હતું . આ 'એકાદશવ્રત' સાકાર કરવાની સાધના અહીં ચાલતી.

अहिंसा, सत्य, अस्तेय, ब्रह्मचर्य, असंग्रह ।
शरीरश्रम, अस्वाद, सर्वत्र भयवर्जन ॥
सर्वधर्मी समानत्व, स्वदेशी, स्पर्शभावना ।
ही एकादश सेवावीं नम्रत्वे व्रतनिश्चये ॥

## સાચાં રખોપાં એકાદશવ્રતનાં

એક માર્મિક ઘટના. વિનોબાના બાળમિત્ર મોઘેજી એક વાર વિનોબાને કહેવા લાગ્યા – આશ્રમની રખેવાળી માટે એક સરસ કૂતરો શોધી લાવ્યો છું ! હવે કોઈ ચિંતા નહીં રહે. ત્યારે ધીરે રહીને વિનોબા કહે – આશ્રમનાં રખોપાં કૂતરો કરશે કે એકાદશવ્રતનું પાલન ?

વિનોબાની એકાગ્રદષ્ટિ અર્જુન સમી વેધક અને એકલક્ષી હતી ! એ ક્યારે ય નિશાન ચૂકી જાય તેવી વિચલિત કે ચંચળ નહોતી ! ગાંધીજીએ છેલ્લા મનુષ્ય સાથે એકરૂપ થઈ રામમય થવાનું જીવનપાથેય આપ્યું હતું. આશ્રમીજીવનમાં વિનોબાની જે અંત્યોદયની સાધના પ્રગટ થઇ એ સાચે જ અપૂર્વ હતી. આશ્રમવાસીઓને પણ 'સૂતરને તાંતણે સ્વરાજ' લાવવાના યજ્ઞમાં ભાગ લેવાનો હતો, એટલે ખાદીનું સમગ્ર શાસ્ત્ર નિર્માણ કરવાના પ્રયોગો ત્યાં ચાલતા હતા.

## છેવાડે ઊભેલાની સાથે થવા

૧૯૨૧ થી ૧૯૫૧ સુધી, જેલવાસનાં વર્ષો બાદ કરતાં વિનોબા સતત રચનાત્મક કાર્યોમાં ગળાડૂબ રહ્યા. આશ્રમમાં યોગ-પ્રયોગ-ઉદ્યોગની ત્રિવેણી ચાલે. બાપુને નવા નવા તુક્કા સૂઝે અને વિનોબા-મંડળી એને નાણી જુએ. ભારતમાં સાવ ગરીબમાં ગરીબ માણસ સાથે એકરૂપ થવાની સાધના એટલે એમાં ભંગીકામ, ચમારકામ, વણાટકામ,કાંતણકામ જેવાં કામ તો આવે જ.

ત્યારે વિનોબાએ તો આકરાં ચઢાણ જ શરૂ કર્યાં હતાં. દિવસમાં ૨૫ ગજ કાપડ વણાય તો બે ટંકના રોટલા ભેળું થવાય, પરંતુ આઠને બદલે બાર બાર કલાકનો અખંડ પરિશ્રમ ચાલે તો પણ કામ પૂરું ન થતું. એક વખતે તો રાત્રે સાડા નવ વાગ્યા સુધી વણતા રહ્યા.

પછી તો હાથે કાંતવાની વાત આવી, અને રૂ પીંજવા-ધૂણવાની વાત પણ આવી. કાપડની આખી પ્રક્રિયામાં કુશળતા મેળવી તેના પર ગુજરાન ચલાવવાનું હતું. વિનોબા રોજ ચાર આંટી સૂતર કાંતતા. ક્યારેક ડાબા હાથે, ક્યારેક જમણા હાથે, ક્યારેક ઊભા ઊભા, ક્યારેક બેઠા બેઠા ! કાંતણ કરતાં કરતાં વિદ્યાર્થીઓને ભણાવતા. નવ કલાક તો સહેજે થઈ જતા. ૧૯૩૫નો એ ગાળો. મહિનાનું ભોજન છ રૂપિયામાં મેળવી લેવાતું. ત્યારે વિનોબા ૫૦ તોલા દૂધ, ૩૦ તોલા શાક, ૧૫ થી ૨૦ તોલા ઘઉં, ૪ તોલા તેલ અને થોડો ગોળ, મધ કે ફળ ! આ એમનો ખોરાક હતો. ત્યારે ચરખા સંઘ ૧૬ લટના બે-સવા બે આના ચૂકવતો હતો. અને રોજનો ખર્ચ થાય આઠ આના ! ખાવા પર જ કાપ મૂકવો પડે ત્યાં બીજા ખર્ચની શી વાત !

બાપુને વિનોબાના સ્વાવલંબનના પ્રયોગોની ખબર પડી. એમણે ઘણી મહેનત કરી ત્યારે માંડ માંડ ચાર આના અપાવવા સુધી એ પહોંચી શક્યા. ગાંધીજીના અંતરની આ ભારે વ્યથા રહી કે આખો દિવસ પરસેવો પાડનાર પણ પોતાની પૂરી આજીવિકા મેળવી નથી શકતો.

ત્યાર પછી તકલીની ઉપાસના ચાલી. ૧૯૩૪માં તો તકલીનું જાણે પારાયણ જ ચાલ્યું. વિનોબા કહે છે - તકલી માટે આશ્રમવાસીઓએ જે તપસ્યા કરી છે તેની કહાણી તો રોબીન્સન ક્રુસો જેવી રસાળ છે. તેમણે એક પુસ્તક લખ્યું છે, મૂલોદ્યોગ-કાંતણ ! કહેતા - એક છે તકલી, બાકી બધી છે તકલીફ. તેઓ તકલીને 'કર્મમયી ઉપાસના' કહેતા.

બે આના રોજમાં ગુજારો કરવાનો હતો. ત્રણ વારનું ભોજન સાત પૈસામાં અને એક પૈસાનું બળતણ ! ગરીબ માણસ સાથે એકરૂપ થવું. ગરીબ માણસને તો ગુજરાન ચલાવવા માંડ બે આના મળે છે, તો આપણે પણ બે આનામાં જ ગુજારો કરવો. એક પૈસાનું બળતણ, એક પૈસામાં કપડાં, બાકીના ૬ પૈસામાં સવાર, બપોર અને સાંજનું ભોજન !

ત્યારે વિનોબા શું ખાતા તે જાણવું છે ? સવારના નાસ્તામાં એક તોલો મગફળી અને અઢી તોલા ગોળ, બપોરના ભોજનમાં ત્રીસ તોલા જુવારની રોટલી, સાડા સાત તોલા દાળ, બે તોલા ભાજી, માપના તેલ-મીઠું ! સાંજે પણ આ જ ભોજન !

વિનોબા કહે છે - મેં અર્થશાસ્ત્રનાં ઝાઝાં થોથાં વાંચ્યાં નથી. પાંચેક પુસ્તકો વાંચ્યાં હશે. પણ આ એક વર્ષમાં મને અર્થશાસ્ત્રનું પૂરતું જ્ઞાન થઈ ગયું !

એ જ વર્ષે બીજો એક પ્રયોગ આદરાયો - રોજ કમાવું અને રોજ ખાવું ! મજૂરીના દર મુજબ જ કમાણી થતી. બપોરે જમાઈ જાય પછી હિસાબ નીકળે કે સાંજ માટે કેટલા પૈસા વધ્યા છે, તે મુજબ અને તે માપમાં સાંજનું ખાવાનું મળે !

## પદ્ધતિ-લોકશાહીની

વર્ધા આશ્રમને શરૂ થયે એકાદ વર્ષ થયું હશે. આશ્રમમાં બે પેઢી એકી સાથે સાધના કરી રહી હતી. એક દિવસે પ્રાર્થનામાં વિનોબાએ સૌ સામે એક નવી વાત મૂકી - અત્યાર સુધી આ નાના વિદ્યાર્થીઓ મોટાઓની સાથે રહીને કામ કરતા હતા, હવે આ નાના લોકો એકેક જબાબદારી સંભાળશે અને મોટેરા એમની સૂચના પ્રમાણે કામ કરશે. આપણે બ્રિટિશ સરકારની જેમ નોકરશાહી ઊભી નથી કરવી. આપણે સૌએ બધાં કામોમાં પ્રવીણ થવાનું છે. વ્યવસ્થાનું કામ તરુણો સંભાળશે તો એમનામાં જવાબદારી આવશે અને મોટાઓને સેવકની ભાવનાથી, નમ્રતાપૂર્વક કામ કરવાનો અભ્યાસ થશે. આમ સંસ્થાઓમાં એકાધિકારનું જે આપખુદીપણું આવી જાય છે તેની સંભાવના જ વિનોબાએ ટાળી દઇ મોટેરાની તરુણ પેઢી તરફ જોવાની દ્રષ્ટિ જ બદલી નાખી. આશ્રમમાં આમ જીવનમૂલ્યોને આચરણમાં મૂકવાની સાધના ચાલી રહી હતી, એના પ્રેરણાસ્ત્રત વિનોબા હતા એટલે સહેજે લોકો એમને આચાર્ય વિનોબા કહેવા લાગ્યા.

## કર્મયોગ સાથે જ્ઞાનોપાસના

વિનોબાને માત્ર દેશનું સ્વરાજ્ય નહોતું ખપતું, એમને તો 'ભવમુક્તિ' જોઈતી હતી, એટલે કર્મ-જ્ઞાન અને ભક્તિનો એકરસે રસાયેલો જીવનયજ્ઞ જ એમણે માંડ્યો હતો.

આશ્રમના વિવિધ પ્રયોગ માટે 'દેહ' હતો, તો સાધના માટે મન, ચિત્ત, અંતઃકરણ પણ હતાં. ચિત્તશુદ્ધિ એ જ અધ્યાત્મ હતું. તો વિનોબા સાંજથી સવારની પ્રાર્થના સુધી દશેક કલાક મૌન પાળતા. ૧૯૨૮ થી ૧૯૩૧ દરમ્યાનના ગાળામાં, આ મૌનના પરિણામે

વિનોબાની 'વિચારપોથી' લખાઈ. ૧૯૩૦-૩૧ દરમ્યાન 'ગીતાઈ'ની રચના થઈ, 'જે પરમેશ્વરે પોતાના હાથે કરાવેલી ઉત્તમમાં ઉત્તમ માનવસેવા છે' - એમ વિનોબા માને છે.

વિનોબાના ચિંતન-મનનનો સૌને લાભ મળે એ દૃષ્ટિએ જમનાલાલજીના આગ્રહને કારણે 'મહારાષ્ટ્ર-ધર્મ' નામનું માસિકપત્ર ૧૯૨૩માં શરૂ થયું. આ માસિકના વિનોબાના લેખો પરથી ત્રણ ઉત્તમ પુસ્તકો મળ્યાં - મધુકર, ઉપનિષદોનો અભ્યાસ અને 'संतांचा प्रसाद'. ગાંધીજીએ કહેલું, ઉપનિષદો અંગેના લેખોમાં તો વિનોબાએ હદ વાળી દીધી છે !

૧૯૩૨ સુધી વર્ધામાં બાર વર્ષ પૂરાં થયાં એ કાળ મૌન સાધનાનો, ઉગ્ર તપસ્યાનો કાળ હતો.

## ગ્રામોપાસના અને ગો સેવા

૧૯૩૨થી બે ત્રણ વર્ષ સુધી ગ્રામસેવાની દૃષ્ટિએ ગામેગામ ફરવાનું થયું, એ અનુભવને આધારે ૧૯૩૪માં ગ્રામ-સેવા-મંડળની સ્થાપના થઈ અને આખા વર્ધા તાલુકાની ગ્રામસેવાની યોજના બની. વિનોબાની પ્રેરણાથી ૧૯૧૧ માં વડોદરામાં વિદ્યાર્થી-મંડળ બનાવાયું. ૧૯૩૪માં આ ગ્રામ-સેવા-મંડળ અને ૧૯૫૯માં બ્રહ્મ-વિદ્યા-મંદિર. આમ તો 'સર્વ-સેવા-સંઘ'ની સ્થાપના પણ વિનોબાજીની પ્રેરણાથી જ થઈ.

આશ્રમના દૂધ માટે ગોશાળા જોઈએ, એટલે ગોપાલન કરવું જરૂરી થઈ ગયું. ગાયનું દૂધ પીધા વગર ગોસેવાનો પ્રયોગ ત્રણેક વખત કરવાનો પ્રયત્ન કર્યો. એક વાર બે વર્ષ સુધી, બીજી વાર ત્રણ વર્ષ સુધી અને ત્રીજી વાર બે વર્ષ માટે. કુલ સાત વર્ષનો પ્રયોગ કર્યો. પરંતુ એમાં સફળતા ન મળી. શરીર દૂધ વગર નબળું પડતું જાય.

ગોસેવા સાથે ઘાણી અને ખાદી જોડીને સુરગાંવમાં કામ કર્યું. એના આધારે સૂત્ર બન્યું- કપડાં બનાવો-માખણ ખાઓ !

## કુષ્ઠસેવા

ગરીબો, હરિજન, સ્ત્રીઓની સેવા ઉપરાંત ગોસેવા-ભૂમિસેવા તો વિનોબાના હાથે થઈ જ. એ જમાનામાં તદ્દન ઉપેક્ષિત એવી કુષ્ઠસેવાના પણ એ નિમિત્ત બન્યા. વર્ધામાં રહેવા આવ્યા પછી મહારાષ્ટ્રનાં ગામડાંમાં ખાદી-ફેરી અને સમગ્ર સેવાના અન્ય કાર્યક્રમો લઈને અવારનવાર ફરવાનું થતું, ત્યારે ધ્યાનમાં આવ્યું કે ગામેગામ કુષ્ઠરોગના રોગી ફેલાયેલા પડ્યા છે અને સમાજ એમના માટે સાવ નિષ્ઠુર બની ગયો છે. વિનોબાથી સમાજની આ હૃદયહીનતા સાંખી ન શકાઈ અને એમણે આ ઉપેક્ષિત કામ હાથમાં લીધું.

આપણે જાણીએ છીએ કે પહેલાંના જમાનામાં કોઈને કુષ્ઠરોગ કે રક્તપિત્ત થાય તો ગામના લોકો ધામધૂમથી એ રોગીને નદીમાં પધરાવી દેતા. પરદેશથી અંગ્રેજો આવ્યા અને એમનાં ખ્રિસ્તી મિશને કુષ્ઠરોગીની સેવાનું કામ હાથમાં લીધું, ત્યારે પણ લોકદૃષ્ટિએ તો આ કુષ્ઠરોગીઓ અળખામણા જ રહ્યા.

વિનોબાના કામની ખૂબી એ હતી કે એમણે પોતાની પાસે થોડા ઘણા એવા સેવકોની ટુકડી તૈયાર કરી લીધેલી કે વિનોબાના શબ્દ પર જે પોતાનો પ્રાણ ન્યોચ્છાવર કરવા તૈયાર થઈ જાય ! મનોહર દીવાણ આવા જ એક થનગનતા યુવક ! વિનોબાએ એમને કુષ્ઠસેવાના કામની પ્રેરણા આપી અને એ નિમિત્તે ભારતમાં કુષ્ઠસેવાની ૧૯૩૬માં પ્રથમ ભારતીય સંસ્થા સ્થપાઈ. આજે દત્તપુરનું કુષ્ઠ સેવાધામ આ મનોહરજીની સેવાનું ફળ છે ગાંધીજીએ લખ્યું છે – 'દેશભરની એક માત્ર કુષ્ઠસેવા સંસ્થાને વિનોબાની પ્રેરણા અને માર્ગદર્શન મળતાં રહે છે.'

પાછળથી પરંધામ આશ્રમના પ્રાંગણમાંથી ખોદતાં જે ખંડિત મૂર્તિઓ મળી, તેમને વિનોબાએ મંદિરના પ્રમુખ આંગણમાં પ્રસ્થાપિત કરી છે. તેઓ કહે છે કે મને આ ખંડિત મૂર્તિઓમાં કુષ્ઠધામના રોગીઓનાં દર્શન થાય છે ! ૧૪૦૦ વર્ષો સુધી જમીન નીચે પડી રહેવાને કારણે કોઇનું નાક ઘસાઈ ગયું છે તો કોઈના હાથ ! વિનોબાને આ સેવા પ્રત્યે અત્યંત આદર છે.

## હરિજન-સેવા

'કોઈ જો એમ કહે કે આ માણસ હરિજનોને ભૂલી ગયો તો હું આટલું જ કહીશ કે તો પછી હરિજનોને સંભારનારું ભાગ્યે જ કોઈ બીજું હશે. સર્વોદયમાં અંત્યોદય આવી જ જાય છે, પરંતુ હરિજનોની જુદી સેવા કરવામાં આવે એ મને રુચતું નથી.'

છતાંય વિનોબાની મોટા ભાગની સેવા અંત્યજોની સેવા જ થઈ. તેમાંય ભંગીકામ, ચમારકામ અને વણાટકામ – આ ત્રણેય કામ તો હરિજન સાથે એકરૂપ થવા માટેનાં જ હતાં.

હરિજન– સેવાના કામના શ્રીગણેશ સાબરમતી આશ્રમમાં થયા. આશ્રમમાં શરૂ શરૂમાં સંડાસ સાફ કરવા ભંગી રખાતા. એમને કાંઈ પગાર આપી દેવાતો. બાપ માંદો પડે તો દીકરો આવીને જાજરૂ સાફ કરી જાય. એક વાર આવું જ થયું. પરંતુ છોકરો નાનો. એનાથી મળ-મૂત્ર ભરેલી ડોલો ઊંચકીને ખેતરના ખાડામાં નાંખવાનું શક્ય નહોતું. એ રડવા માંડ્યો. વિનોબાના નાના ભાઈ બાળકોબાનું ધ્યાન ગયું, એમને દયા આવી અને એ તેની વહારે ધાયા.

પછી એમણે વિનોબાને પૂછ્યું કે મારે ભંગીકામ કરવું છે, તમારી સંમતિ છે ? વિનોબાએ માત્ર હા પાડી એટલું જ નહીં, સાથે તેઓ પણ જવા લાગ્યા. પરંતુ બ્રાહ્મણના દીકરા આમ ભંગીકામ કરે એ કસ્તુરબાને ન ગમ્યું. પરંતુ બાપુએ એમને સમજાવી લીધા. આ તો થઈ ૧૯૧૮ની વાત.

૧૯૩૨માં જેલમાંથી છૂટીને વિનોબા વર્ધા પાસેના નાલવાડી ગામમાં રહેવા લાગ્યા. ત્યાં ૯૫ ઘર હરિજનોનાં હતાં અને પાંચ બીજાનાં. ત્યાં ગામનો ઉદ્યોગ ઊભો કરવા ઢોર ચીરવાનું કામ શીખવું પડે તેમ હતું. બે બ્રાહ્મણ યુવાનોને એ કામની તાલીમ અપાવી ગામમાં ચર્માલય શરૂ કરાવ્યું.

૧૯૪૬માં રહેવાનું પવનાર આશ્રમમાં હતું, પરંતુ ત્યાંથી ત્રણ માઈલ દૂર આવેલા

સુરગાંવમાં વિનોબા રોજ સવારે ખભે પાવડો ઊંચકી ભંગીકામ માટે જતા. આવવા-જવામાં દોઢ-બે કલાક લાગી જતા. આ એમનો રોજનો નિયમ હતો. એમનો આદર્શ સૂર્યનારાયણ હતા, તેઓ કહેતા- સૂર્યનારાયણ સૌથી મોટો ભંગી છે. આપણે એટલી બધી ગંદકી કરીએ છીએ કે હિંદુસ્થાનને પૂરતો સૂર્યપ્રકાશ ના મળતો હોત તો આપણે બધા ક્યારનાય મરી પરવાર્યા હોત !

એક વાર ભારે વરસાદ પડ્યો. આખા રસ્તા પર કેડસમાણાં પાણી ફરી વળ્યાં. વચ્ચે એક નાળું પણ આવે, જેને પાર કર્યા વગર સુરગાંવ પહોંચાય જ નહીં. એ વહેળાને કાંઠે ઊભા રહી સામા કાંઠા પર ઊભેલા એક માણસને વિનોબાએ બૂમ પાડી કહ્યું - ''મંદિરમાં જઈ ભગવાનને કહી દેજો કે ગામનો ભંગી આજે પણ આવ્યો હતો, પરંતુ વોકળું ભરેલું હોવાને કારણે સામે પાર ન આવી શક્યો.''

''જી, કહી દઈશ !''

''શું કહીશ ?'' બાબાએ પાકું કરાવતાં પૂછ્યું.

''પૂજારીજીને કહી દઈશ કે બાબાજી આવ્યા હતા.''

''નહીં, એમ નહીં. ભગવાનને કહેવાનું છે અને એમ કહેવાનું છે કે ગામનો ભંગી ભંગીકામ કરવા આવ્યો હતો, પણ પૂરને કારણે સામે પાર પહોંચી ન શક્યો.''

આમ ભંગીકામ વિનોબા માટે ઉપાસનારૂપ હતું. સૂર્યના સાતત્ય સમાન એમને તો આ કામ વીસ વર્ષ સુધી ચલાવવું હતું, જેથી આખી પેઢી બદલાઈ જાય અને મૂળમાંથી મનોવૃત્તિ બદલાય. પણ, ૪૮માં ગાંધીજી ગયા પછી વિનોબાને બહારના કામમાં લાગવું પડ્યું.

વિનોબાનું આખું ભૂમિદાન ચાલ્યું અને તેમાં જે ૨૧ લાખ એકર જમીનનું વિતરણ થયું, તે મોટે ભાગે હરિજન ભૂમિહીન ખેતમજૂરને મળ્યું, કારણકે મોટા ભાગના ભૂમિહીન ખેતમજૂર હરિજન જ હતા, અને દાનમાં મળેલી જમીન વહેંચવાની એક શરત આ હતી કે ગામના સૌથી વધારે ગરીબ ખેતમજૂરને તે આપવી.

તદુપરાંત દેશના જુદા જુદા મંદિરોમાં જ્યાં હરિજન-પ્રવેશ નહોતો, ત્યાં જાતિ-ધર્મ-દેશના આધારે ભેદભાવ નિર્મૂળ કરવા વિનોબાજીએ 'વિશ્વમંદિર'નો કાર્યક્રમ આપ્યો હતો, તેમાં પણ હરિજનોને જ ન્યાય આપવાની વાત હતી. પરંતુ વિનોબાજી હરિજન-વર્ગ ને આમ જુદા પાડી સેવા કરવામાં માનતા જ નહોતા. તેઓ કહેતા - હરિજન સેવા નહીં, પણ હરિ-સેવા કરીએ. હરિજનો માટે જુદાં છાત્રાલયો સ્થપાય કે જુદા સંઘ બને તે પણ એમને ગમતી વાત નહોતી. હરિજનો મુખ્ય પ્રવાહમાં ભળી જાય એવું જ તેઓ ઇચ્છતા અને એ રીતે જ એમણે નામ પાડ્યા સિવાય એમના ઉદ્ધારનું કામ કર્યું. સ્ત્રીઓની જેમ હરિજનોને પણ એ કહેતા કે તમારામાં કોઈ શંકરાચાર્ય જેવો વૈરાગ્યસંપન્ન જ્ઞાનનિષ્ઠ તપસ્વી વ્યક્તિ પેદા થશે, ત્યારે તમારો ઉદ્ધાર થશે.

# ૪. જેલ પણ એક તીર્થધામ

(૧૯૨૨ થી ૧૯૪૫)

આશ્રમી જીવન વિનોબાને ખૂબ અનુકૂળ આવ્યું. તેઓ કહે છે કે - આશ્રમોએ મારું જીવન ઘડ્યું. આશ્રમ આત્મસાત્ થયો. પરંતુ આશ્રમી જીવન તો સ્વાતંત્ર્ય-સૈનિકના જીવનનું એક પાસું હતું. સૈનિકને તો મોરચે લડવા ગમે ત્યારે ઊપડી જવાનું હોય. સેનાપતિના હુકમની જ વાર ! સ્વરાજ્ય-આંદોલનમાં ૧૯૨૩ થી ૧૯૪૨ સુધીમાં ઘણી જેલયાત્રાઓ થઈ. જુદી જુદી લડતો સામે આવીને ઊભી રહે. ૧૯૨૨માં નાગપુરમાં ઝંડા સત્યાગ્રહ ચાલતો હતો, જેમાં સત્યાગ્રહીઓના સરઘસ પર પોલીસોએ ત્રાટકી રાષ્ટ્રીય ઝંડાના ડંડાથી જ લોકોને માર્યા હતા, એની વિરુદ્ધ દેશભક્તિનો જુવાળ હેલે ચઢ્યો હતો. વારાફરતી સત્યાગ્રહીઓ પકડાતા હતા. એમાં ૨૫૦ સ્વયંસેવકો સાથે વિનોબાએ પણ સત્યાગ્રહ કર્યો અને સરકારે પીનલ કોડની ૧૦૯મી કલમ હેઠળ એમની ધરપકડ કરી. આ કલમ રખડેલ અને ગુંડા લોકોને પકડવા માટેની કલમ છે ! વિનોબા જેવા પ્રખર ચારિત્ર્યવાન વ્યક્તિને આવી કલમ હેઠળ પકડે તે અંગ્રેજ સરકારની પણ બલિહારી જ ગણવી ને ! વિનોબાને નાગપુર જેલમાં પૂરવામાં આવ્યા. ગુનાની સજા કાળી મજૂરી હતી, એટલે વિનોબાને પથ્થર ફોડવાનું કપરું કામ મળ્યું. થોડા વખતમાં ત્યાંથી અકોલા જેલમાં બદલી થઈ. ત્યાં પણ સવા મણનું દળણું ઘંટી પર પીસવાનું કે માપ મુજબના પથ્થરો ફોડવાનું કામ કેદીઓને મળતું. ૧૯૩૦-૩૨ પહેલાં સત્યાગ્રહીઓનું જેલજીવન આકરી તાવણીરૂપ હતું. વિનોબાનો જાણે તપોયજ્ઞ મંડાયો હતો.

## સરકસ કરતાં ઊંધું

એક વાર ગોપાળરાવ કાળેનાં પત્ની શાંતાબહેન મળવા આવેલાં. એમણે પૂછ્યું - કેમ, જેલ કેવી લાગે છે ?

ત્યારે વિનોબાએ લાક્ષણિક જવાબ આપ્યો "તમે સરકસ જોયું છે ને ? સરકસમાં માણસ પશુ પર જુલમ કરે છે, અહીં જેલમાં પશુ માણસ પર જુલમ કરે છે !"

વિનાબા તો શિસ્તનું પાલન કરી બધી સજા ખમી ખાઈ રહ્યા હતા, પરંતુ સાથીઓથી આ વર્તન સહ્યું ન ગયું, એમણે સંગઠિત થઈને વિરોધ કર્યો. એનો પડઘો બહાર પણ પડ્યા. રાજાજી જેવા અગ્રણી નેતાનું 'યંગ ઇન્ડિયા'માં વર્ણન આવ્યું-"અને જુઓ, પેલો વિનોબા ! દેવદૂત જેવો એમનો પવિત્ર આત્મા વિદ્વત્તા, તત્ત્વજ્ઞાન અને ધર્મનાં ઊંચાં શિખરો પર વિહરે છે અને છતાં એ મહાન આત્માએ ધારણ કરેલી વિનમ્રતા એવી તો આબાદ છે અને દિલની સચ્ચાઈ એટલી તો સહજ બનેલી છે કે જે અમલદાર એમને જાણતો ન હોય તેને તો એમની મહાનતાની ગંધ પણ ન આવે ! જેલરે એમને જે 'વર્ગ'માં મૂક્યા છે, તે 'વર્ગ'ની

ઠરાવેલી મજૂરી મુજબના પથરા તેઓ બરાબર ફોડે જાય છે. કોઈને ખબર પણ નથી પડતી કે એ માણસ મૂંગે મોંએ કેટકેટલી શારીરિક યંત્રણા સહન કરી રહ્યો છે ! એમના પ્રત્યે જે વર્તણૂક થઈ રહી છે, તે વિશે જેલના દરવાજે અમે સાંભળ્યું ત્યારે અમને તો કમકમાટી છૂટી ગઈ''.

આવું છૂપું રતન હતા વિનોબાજી ! પણ એમને તો જેલમાં પણ આનંદ જ હતો ! કહે- 'સાચું આશ્રમી જીવન તો જેલનું જ ! ગણતરીનાં કપડાં, પાણીનું ટંબલર અને કાંજી માટે છાલિયું. ઘંટના ટકોરે ઊઠવાનું ને ઊંઘવાનું. માંદા પડવાની પણ છૂટ નહીં ! ભોજનમાં અસ્વાદ-વ્રત તો હોય જ !' ...અકોલા જેલમાંથી છૂટી વર્ધા આશ્રમે પહોંચ્યા કે તરત આશ્રમી સાધના શરૂ થઈ. એક સાથીદારે કહ્યું, 'અકોલા જેલમાંથી બદલી થઈને પાછા આશ્રમ જેલમાં આવી ગયા.'

## હરિજનો માટે સત્યાગ્રહ

આમ આશ્રમ અને જેલમાં જીવન એકાકાર હતું. ઝંડા-સત્યાગ્રહ પત્યો, ત્યાં વાયકોમ-સત્યાગ્રહનો ડંકો વાગ્યો. બાપુનું કહેણ આવ્યું કે દક્ષિણ ભારતમાં કેરાળા રાજ્યમાં વાયકોમ ગામના મહાદેવના મંદિરમાં હરિજનોને દાખલ થવા નહોતા દેતા, એટલે ત્યાં ચાલી રહેલા સત્યાગ્રહમાં વિનોબાએ જવું. દક્ષિણના વિદ્વાન સનાતનીઓ સાથે ચર્ચાઓ કરવી પડે, એમાં વિનોબા જેવો પંડિત બીજો કોણ મળે ?

આ વાયકોમ ગામ પાસે જ જગદ્‌ગુરૂ શંકરાચાર્યનું જન્મસ્થાન કાલડી. શંકરાચાર્ય તો વિનોબાની આદ્ય પ્રેરણામૂર્તિ ! ત્યાં જવા વર્ષો જૂની ઈચ્છા ! પણ અહીં તો સત્યાગ્રહ માટે વાયકોમ જવાનું હતું. કર્તવ્યનો ભંગ ન કરાય. આખી રાત ઊંઘ ન આવી. શંકરાચાર્યના પ્રખર જ્ઞાન-વૈરાગ્યને મનોમન મમળાવતા રહ્યા. છેવટે ૧૯૫૭માં ભૂદાનયાત્રા દરમ્યાન કાલડી જવાનું થયું ત્યારે અંતરની ઇચ્છા ફળી, પણ તે વખતે તો સ્વધર્મને જ પરમ ધર્મ ગણ્યો.

પંડિતો સાથે ખૂબ ચર્ચાઓ થઈ. બધો વાદવિવાદ સંસ્કૃતમાં જ ચાલે. મંદિર પાસે થઇને જતા રસ્તા પર પણ હરિજનો ચાલી ન શકે, આવા અન્યાયને સરકારે પણ ટેકો આપ્યો, ત્યારે થોડા સાથીઓ સાથે વિનોબાએ સત્યાગ્રહ કર્યો. મારપીટ પણ થઈ, છતાં ય સત્યાગ્રહીઓની ટુકડી છ-છ કલાક સુધી શાંતિપૂર્વક પોલીસ સામે ઊભી રહેતી. સોળ-સોળ મહિના સુધી આ સત્યાગ્રહ ચાલ્યો. ગાંધીજી પણ ત્યાં આવી ગયા. છેવટે ૧૯૨૫ના એપ્રિલ માસમાં સરકારે હરિજનો માટેનું રસ્તા પરનું બંધન હઠાવી લીધું અને સત્યાગ્રહ સફળ થયો.

## મીઠાનો સત્યાગ્રહ ધૂળિયા જેલમાં

ભારત દેશની આઝાદીની લડાઈમાં ૧૯૩૦નો નમક-સત્યાગ્રહ જગપ્રસિદ્ધ થઈ ગયો છે. ૧૨ મી માર્ચે આરંભાયેલી બાપુની ઐતિહાસિક દાંડી-યાત્રાથી આખા દેશની ચેતના એવી

જાગી ઊઠી કે એના સ્પર્શથી આખું વિશ્વ હાલી ઊઠ્યું હતું અને અંગ્રેજ સલ્તનતે નિ:શસ્ત્ર સ્વરાજ્ય-સૈનિકો પર જે અત્યાચાર ગુજાર્યો, તેણે તો હમેશને માટે અંગ્રેજ સરકારના કપાળે કાળી ટીલી ચોડી દીધી !

દુનિયાભરમાં ડંકો વાગ્યો હોય ત્યારે વિનાબ્બા ચૂપ થોડા જ બેઠા હોય ! સભા-સંમેલનોને ગાજતાં કરી 'વિદેશી માલનો બહિષ્કાર અને સ્વદેશી અપનાવો'નું સૂત્ર બુલંદ કર્યું. જલગામમાં એમની જાહેર સભા ચાલતી હતી, ત્યાં જ પોલીસે ધરપકડ કરી અને એમને ધૂળિયા જેલમાં લઈ ગયા.

૧૯૩૨ની આ જેલમાં વિનોબ્બાને બઢતી મળી, ક માંથી બ વર્ગ મળ્યો હતો, પણ અન્ય સાથીઓને 'ક' વર્ગ, આવો ભેદ વિનોબ્બા થોડા સાંખી લે ! ત્રણસો જણ રાજદ્વારી કેદીઓ હતા, એમની સાથે જ વિનોબ્બા 'ક' વર્ગમાં રહેવા લાગ્યા.

## જેલનું આશ્રમમાં રૂપાંતર

પણ પારસમણિ જ્યાં જાય ત્યાં પોતાનું પોત પ્રગટાવે ! વિનોબ્બાની ફરી પાછી કસરત શરૂ થઈ- જેલને આશ્રમમાં પલોટવાની ! ત્યારે દરેકે ૩૧ રતલ રોજ દળવું પડતું. વિનોબ્બાએ એ ૨૧ રતલ કરાવ્યું અને જેલરને સમજાવી આમ પણ નક્કી કર્યું કે સૌ સાથે મળીને કુલ દળામણ પૂરું કરી લેશે. જો કે પોતે તો નિયમિત રીતે ૨૧ રતલ દળી જ લેતા. પછી તો ધીરે ધીરે રસોડું પણ એમણે હાથમાં લઈ લીધું. સામાન્ય કેદીઓ પણ આ જ રસોડે સ્વાદિષ્ટ રસોઈ જમતા.

## 'ગીતા-પ્રવચનો' ની જન્મભૂમિ

ધૂળિયા જેલમાં ઘણા બધા મોટા માથાના મહાનુભાવોનો મેળો જામ્યો હતો ! પ્યારેલાલજી, જમનાલાલજી, ગુલઝારીલાલ નંદા, ખંડુભાઈ દેસાઈ, રિષભદાસ રાંકા, આપ્ટે ગુરુજી, સાને ગુરુજી જેવા અનેક સજ્જનોનું પવિત્ર તીર્થ-સંગમ ત્યાં અનાયાસ ઊભું થઈ ગયું હતું. આ બધાનો આગ્રહ થયો કે દર રવિવારે વિનોબ્બાજી ગીતા પર પ્રવચનો આપે.

અને જાણે એક ચમત્કાર સર્જાયો ! ભારતની તમામ અને દુનિયાભરની બીજી દરેક ભાષાઓમાં અનુવાદિત થઈને જે વાણી વિશ્વમાં વહી, તેની જન્મભૂમિ, ગંગોત્રી આ ધૂળિયા જેલ બની ! ૧૮ સપ્તાહ સુધી આ વાક્યજ્ઞ ચાલ્યો અને રૂડા પ્રતાપ સાને ગુરુજીના કે એમણે વિનોબ્બાની આ પ્રેરિત વાણીને પોતાની નોંધપોથીમાં કંડારી લીધી. ત્યારે તો કેસેટોનો યુગ નહોતો. સાને ગુરુજીની નોંધોને વિનોબ્બા તથા શિવાજી ભાવે જોઈ ગયા, સુધારા-વધારા કર્યા અને જે પુસ્તક નિર્માણ થયું તે આપણા સૌનું 'ગીતા પ્રવચનો'. લાખોની સંખ્યામાં ઘેરઘેર પહોંચી ગયેલું પુસ્તક !



Acc. No. 130272
Date

## કહેનાર કરતાં જીવનાર આગળ

એક સુંદર કિસ્સો જાણવા જેવો છે. ઈંગ્લેન્ડના એક ગુજરાતી બહેન પાસે આ પુસ્તક પહોંચી ગયું. એમને એ ખૂબ ગમી ગયું. પરંતુ એમને પ્રશ્ન થયો કે લખનારે આ પુસ્તક તો સરસ લખી નાંખ્યું છે, પરંતુ એમનું જીવન કેવું હશે ? હાથીના દાંત જેવી હાલત તો નહીં હોય ને ? અને આ જિજ્ઞાસા એ સરસ્વતીબહેનને ભારત તાણી લાવી.

ત્યારે વિનોબાની બિહારમાં ભૂદાન-પદયાત્રા ચાલતી હતી. સરસ્વતીબહેન થોડા દિવસ પદયાત્રામાં રહ્યાં અને આ પ્રવચનકારનું જીવન સગી આંખે નિહાળ્યું. યાત્રામાંથી પાછા ફરતાં એ બોલ્યાં – મેં જોયું કે ગીતા પર પ્રવચનો કરનારા વિનોબા કરતાં આ વિનોબા ઘણો બધો આગળ નીકળી ચૂકયો હતો !

'માનું દૂધ તો બાળપણમાં પીવા મળ્યું, અને એણે મારા શરીરનું પોષણ કર્યું, પણ ગીતામાતાએ તો મારા મન-બુદ્ધિનું પોષણ, જીવનભર પોષણ કર્યું ! ગીતામાતાનો એ લાડલો પુત્ર હતો ! એટલે જ એમને પણ વાસના થઈ કે ' ગીતાપ્રવચનો ' ઘેરઘેર પહોંચે. વર્ષો સુધી આ પુસ્તક પર 'નિત્ય પઠનીય' નો સંદેશો આપી તેઓ પોતાના હસ્તાક્ષર આપતા.

આ પ્રવચનો સાંભળવાનું મન સ્ત્રી-કેદીઓને પણ થયું. જેલમાં સ્ત્રી-કેદી પાસે પુરુષ-કેદી ન જઈ શકે. પરંતુ જેલર શ્રી વૈષ્ણવે તોડ કાઢયો- વિનોબાની ગણતરી પુરુષમાં કરવી એ ભૂલ છે ! એમને સ્ત્રી પૈકી એક ગણી લઈએ તો હરકત નથી !

'ધન્ય એ વ્રજ ને ધન્ય એ વૃંદાવન' ની જેમ 'ધન્ય એ વૈષ્ણવ-જન અને ધન્ય એ ધુળિયા-જેલ !' એવું ગાવાનું મન થઈ જાય એવી આ ઘટના !

આ જ ધુળિયા જેલમાં 'ગીતાઈ' પણ છપાઈને આવી. એક આનો કીમત ! કેદીઓ જેલર પાસે પહોંચીને કહે- 'અમારી મજૂરીમાંથી બે આના આપો ! અમારે 'ગીતાઈ' ખરીદવી છે.' 'પણ એની કીમત તો એક આનો છે ! '

'અમને ખબર છે, પણ અમારે એકેક આનો વિનોબાને દક્ષિણામાં આપવો છે !'

આવું કહેનારા હતા- કહેવાતા ચોર, ધાડપાડુ અને ગુનેગાર !

અને જેલર સાહેબ વૈષ્ણવ તો વિનોબાના ભકત જ બની ગયા હતા. ૧૯૫૮માં પદયાત્રા દરમ્યાન ફરી ધૂળિયા પહોંચતાં એમને ઘેર વિનોબાની પધરામણી કરી ત્યારે અમે જોયું કે એમના દીવાનખાનામાં જે એક માત્ર છબી ઝૂલતી હતી તે વિનોબાની હતી.

## વિનોબાને પણ દુઃખ ?

શિવની જેલમાં રાજદ્વારી કેદીઓને પોતાના સગાંવહાલાંને પત્ર લખવાની છૂટ હતી, પરંતુ વિનોબાને તો આવા ભેદ મંજૂર જ નહોતા, એટલે એમને તો કોઈને પત્ર લખવાપણું

હતું જ નહીં. ત્રણ વર્ષમાં એમણે કોઈને ચિઠ્ઠી-ચબરખી, પત્ર કશું જ લખ્યું નહોતું, છતાં ય એ તો નિજાનંદમાં મસ્ત હતા. જેલર સાહેબ જોયા કરે. એક દિવસે પૂછે - વિનોબા, તમારા જીવનમાં હરખ-શોક, સુખ-દુઃખ જેવું કશું નથી ? ત્યારે વિનોબાએ કહ્યું - સાવ એવું તો નથી . સુખ-દુઃખ મને પણ થાય છે. પરંતુ હું તમને સાત દિવસની મહેતલ આપું છું, મારું દુઃખ તમે શોધી કાઢો !

જેલરે સાત દિવસ ઝીણું નિરીક્ષણ કર્યું, પણ કાંઈ હાથ ન આવ્યું. છેવટે કહે - મને તો કશું હાથ ન લાગ્યું, તમે જ કહો !

ત્યારે વિનોબા કહે - જેલમાં મને રોજ સાંજસવારે સૂરજનાં દર્શન નથી થતાં, એ મારે મન ભારે મોટું દુઃખ છે.

ઘણા લોકો એમને પૂછે કે તમારા એક હજાર બારસો કેલરી જેટલા ખોરાકમાં તમારું કેમ ચાલે છે ? ત્યારે હસતાં હસતાં એ કહેતા — અરે ભાઈ ! હું કાંઈ એકલું દૂધ થોડું જ પીઉં છું ! એ હજાર કેલરી ઉપરાંત રોજ ગીતાના અઢાર અધ્યાય અને આ ચારે કોર ફેલાયેલું આકાશ ખાઉં છું, તેનું શું ?

ચાર દીવાલોની અંદર ગોંધાઈ રહેવું પડે એનું એમને ભારે દુઃખ. કહે — વ્યાપક અને નિર્બંધ ચિંતન કરવું હોય તો તે ગુફા કરતાં ખુલ્લા આકાશ તળે વધારે સારું થઈ શકે.

## પ્રથમ સત્યાગ્રહી

પણ વિધિનાં વિધાન કાંઈક જુદાં જ હતાં. વિનોબા ઠરીને બેસી રહે એ એને મંજૂર નહોતું !

૧૯૩૮-૩૯ના દિવસો. બીજું વિશ્વયુધ્ધ શરૂ થઈ ગયું. બ્રિટન માટે તો એ ઘરઆંગણાની લડાઈ ! ભારત એનો ગુલામ દેશ ! એટલે એણે ભારતને પણ યુધ્ધમાં ઢસેડવા માંડયું. આ જોઈ બાપુનો પુણ્ય-પ્રકોપ પ્રજ્વળી ઊઠયો. સરકાર સામે યુદ્ધ-વિરોધ જાહેર કર્યો અને સરકારના યુધ્ધ-પ્રયાસો સાથે અસહકારનું રણશિંગું ફૂંક્યું, પરંતુ સરકારે એ વાત પણ ઠુકરાવી દીધી, એટલે 'સત્યાગ્રહ' જ એક ઉપાય બાકી રહ્યો !

બાપુની યોજનામાં આ વખતે વ્યક્તિગત સત્યાગ્રહ નું કાર્ય હતું. રચનાત્મક કામમાં પૂરેપૂરો વિશ્વાસ ધરાવતી, નિષ્ઠાવાન, સચ્ચરિત્ર વ્યક્તિને ગાંધીજી જ ચૂંટવાના હતા. ચર્ચા ચાલવા લાગી કે પ્રથમ સત્યાગ્રહી કોણ બનશે. જવાહરલાલ, સરદાર પટેલ, રાજેન્દ્રબાબુ જેવા આગેવાનોનાં નામ લોકજીભે હતાં.

ત્યાં એક દિવસ વિનોબાને વર્ધાથી બાપુનું તેડું આવ્યું. કહે - પહેલા સત્યાગ્રહી તરીકે તમે તૈયાર થાઓ ! હાથ પરનાં કામ પતાવવા કેટલો સમય જોઈશે ?

'આપનું તેડું અને યમરાજનું તેડું મારે મન સરખું છે. મારે અહીંથી પાછા પવનાર જવાની ય જરૂર નથી.'

આમ ૧૯૪૦ માં ૧૧મી ઑક્ટોબરે વિનોબાની પ્રથમ સત્યાગ્રહી તરીકે વરણી થઈ. લોકો દંગ રહી ગયા. 'કોણ છે આ વિનોબા ?' - પ્રશ્નોની ઝડી વરસી અને બાપુએ અને મહાદેવભાઈએ એવા સુંદર લેખ લખ્યા, જેમાં વિનોબાનું ભીતરનું સાચું પોત પ્રગટ થઈ ગયું!

આમ પ્રસિદ્ધિની જેમને ક્યારે ય લગીરે ખેવના નહોતી, એ વિનોબા રાતોરાત આખા ભારતમાં પ્રસિદ્ધ થઈ ગયા. મહાદેવભાઈએ એમની વિશેષતાઓ બતાવતાં લખ્યું - તેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી છે ! એવા નૈષ્ઠિક બ્રહ્મચારી કદાચ બીજા પણ હશે. તેઓ પ્રખર વિદ્વાન છે. એવા પ્રખર વિદ્વાન બીજા પણ છે. તેઓ સાદાઈને વર્યા છે, એમનાથી પણ વધારે સાદાઈથી રહેનારા ગાંધીજીના અનુયાયીઓમાં કેટલાક છે. તેઓ રચનાત્મક કાર્યના પુરસ્કર્તા અને રાતદિવસ એમાં જ રહેનારા છે, એવા પણ ગાંધીજીને અનુસરનારાઓમાં કેટલાક છે. એમના જેવી તેજસ્વી બુધ્ધિશકિતવાળા પણ કેટલાક છે. પણ એમનામાં કેટલીક વસ્તુઓ એવી છે, જે બીજા કોઈમાં નથી. કોઈ નિશ્ચય કર્યો, કોઈ સિદ્ધાંત ગ્રહણ કર્યો, તો તે જ ક્ષણથી તેનો અમલ કરવો એ એમનો પ્રથમ પંકિતનો ગુણ છે. એમનો બીજો ગુણ નિરંતર વિકાસશીલતા છે. આપણામાં નો ભાગ્યે જ કોઈ એવું કહી શકે કે હું પ્રતિક્ષણ વિકાસ કરી રહયો છું. ગાંધીજી સિવાય બીજા કોઈમાં મેં એ ગુણ જોયો હોય તો તે વિનોબામાં જોયો છે. આવા ગુણોને લીધે ૪૬ વરસની ઉંમરે તેમણે અરબી જેવી અઘરી ભાષાનો અભ્યાસ કર્યો, કુરાને શરીફ પઢવા માંડયું અને તેના લગભગ હાફિજ થઈ ગયા !

યોજના મુજબ વિનોબાએ યુદ્ધ - વિરોધી ભાષણો આપવા ગામે ગામ ફરવાનું શરૂ કર્યું. ૨૧મી તારીખે સવારે ત્રણ વાગે સરકારે વિનોબાની ધરપકડ કરી અને ગાંધીજીએ બીજા સત્યાગ્રહી તરીકે જવાહરલાલનું નામ જાહેર કર્યું. ત્રણ ત્રણ વખત વિનોબા છૂટયા અને પાછા પકડાયા, છેવટે સરકારે એક વર્ષની સજા કરી.

વિનોબા માટે જેલવાસ તો ઉપકારક સિદ્ધ થાયછે. આ વખતે મરાઠી સંતોનાં ભજનોનું ચયન संतांचे प्रसाद થયું અને 'મંગળ પ્રભાત' નો 'अभंग व्रते' નામે અભંગમાં મરાઠી પદ્યાનુવાદ થયો.

માર્ક્સનું સાહિત્ય વાંચ્યું. મિત્રોના આગ્રહથી 'સ્વરાજયશાસ્ત્ર' જેવું મહત્ત્વનું રાજનીતિ અંગેનું શાસ્ત્રીય પુસ્તક નિર્માણ થયું, જેમાં વેદકથિત બે મંત્રોના આધારે - न त्वहं कामये राज्यम् અને यतेमहि स्वराज्ये 'સ્વરાજય'ને જ પ્રમાણિત કરતી ગહન ચર્ચા કરી છે.

## વેલૂર જેલમાં

ફરી પાછું ૧૯૪૨ માં 'ભારત છોડો - આંદોલન'માં નવમી ઓગસ્ટે જેલ જવાનું થયું. પહેલાં નાગપુર જેલમાં લઈ ગયા અને પછી કોઈને ખબર ના પડે એ રીતે ઠેઠ દક્ષિણમાં

તમિલનાડની વેલૂર જેલમાં લઈ ગયા. રાજદ્વારી કેદી હતા, એટલે જેલરે તરત પૂછ્યું કે આપને શી શી જરૂરિયાતો છે તે કહો, તો વ્યવસ્થા કરાવી દઉં !

વિનોબાએ કહ્યું - મહિનાઓથી દાઢી - જટા કઢાવ્યા નથી. તો એક તો એ સાફ કરવા હજામ જોઈએ. અને બીજા જોઈએ એક શિક્ષક, મને તમિળ ભાષા શીખવાડે તેવો. જે પ્રાંતનું અન્ન ખાઉં તે પ્રદેશની ભાષા હું શીખી લેતો હોઉં છું !

શિક્ષક તો જેવોતેવો મળ્યો. અંગ્રેજી - હિન્દી પૂરું ન જાણે ! જેમ તેમ ગાડું ગબડાવ્યું. અને પંદર દિવસમાં તમિળ ભાષા શીખી લીધી. જેલમાં બીજા દક્ષિણી અટકાયતીઓ પણ હતા, તો તેમની પાસેથી કન્નડ, તેલૂગુ, મલયાલમ પણ શીખી લીધી. માત્ર ભાષા નહીં, ચાર લિપિ પણ શીખી લીધી. આ જેલવાસ દરમ્યાન તેમણે શાસ્ત્રશુદ્ધ અને મુદ્રણયંત્રોને વધુ અનુકૂળ આવે એવી લોકનાગરી લિપિ પણ તૈયાર કરી.

વેલૂરમાં પણ ગીતા પર પ્રવચનો થયાં, જેની નોંધ 'ગીતા-વલ્લરી' રૂપે પ્રાપ્ય રહી. પણ વિનોબાએ તો કહ્યું કે ગીતા પર મારે જે કહેવાનું હતું તે બધું ધુળિયાનાં 'ગીતા-પ્રવચનો'માં આવી જાય છે. છતાંય ગીતા-વલ્લરીની વિશિષ્ટ વાતોને વિનોબા-સાહિત્ય-સંપુટના ત્રીજા ખંડમાં સમાવી લેવાઈ છે.

વેલૂરથી એમને મધ્યપ્રદેશની શિવની જેલમાં ખસેડયા. આ જેલની લહાણી થઈ- સ્થિતપ્રજ્ઞદર્શન. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનું અત્યંત સરળ ભાષામાં વિશદ વિવરણ !

ઈશોપનિષદ્ પર 'ઈશાવાસ્યવૃત્તિ' પુસ્તક પણ અહીં લખાયું. ૧૯૪૫ની નવમી જુલાઈએ જેલમાંથી છૂટયા.

# ૫. પવનાર-પરંધામમાં

## (૧૯૩૮ થી ૧૯૫૦)

૧૯૩૩માં સત્યાગ્રહ આશ્રમનું વિર્સજન કરી ગાંધીજી વર્ધા આવી ગયા, અને ૧૯૩૬ થી તો 'સેવાગ્રામ'માં તેમનો સ્થાયી નિવાસ શરૂ થઈ ગયેલો. બાપુ રહેવા આવી ગયા, પછી તો પૂછવું જ શું ! વર્ધા એટલે જાણે દેશનું હૃદય ! વિધવિધ પ્રવૃત્તિઓથી સતત ધમધમતું અને વિવિધ સંસ્થાઓનો તો જાણે ત્યાં રાફડો ફાટ્યો ! વિનોબાની તો કર્મ - જ્ઞાન - ભક્તિની ત્રિવેણી વહી જ રહી હતી ! પરંતુ જુદા જુદા પ્રયોગોમાં શરીર તરફ સરખું ધ્યાન અપાયું નહીં. મૂળે જ કાઠું નબળું, તેમાં સાદાઈ અને ગરીબાઈમાં જીવવાના પ્રયોગો ચાલ્યા, એટલે ધીરે ધીરે શરીર સાવ કથળતું ચાલ્યું. ૧૯૩૮ ની વાત છે. 'ઈશ્વર પાસે જવાનો સમય આવી ગયો છે' એ વિચારે વિનોબા તો પ્રસન્ન હતા, પણ બીજાને એ કેમ સહન થાય ? વાત બાપુ પાસે પહોંચી અને સમન્સ આવ્યો.

બાપુ કહે 'મારી પાસે આવતા રહો, હું ચાકરી કરીશ.'

' તમારી પાસે પચાસ કામ હોય, એમાં એક કામ ચાકરીનું અને તેમાં ય પચાસ રોગીઓ, એમાંનો એક હું ! એમાં શું ભલીવાર વળે ? '

'તો દાકતર પાસે જાઓ !' બાપુએ કહ્યું.

'એના કરતાં તો યમરાજ પાસે જવું સારું ' વિનોબાએ કહ્યું.

' તો પછી હવાફેર માટે જાઓ ! મસૂરી, પંચગની, હિમાલય જ્યાં જવું હોય ત્યાં !'

'પવનારમાં જમનાલાલજીનો ખાલી બંગલો છે, ત્યાં જઈને રહીશ.'

'બરાબર છે, પણ ત્યાં જઈને બધું ચિંતન બંધ કરી દેવું પડશે. આશ્રમ,કામ કે બીજા કોઈ પણ વિષયના વિચાર નહીં કરવાના'.

ચાલતા તો પહોંચાય એમ હતું નહીં, એટલે મોટરમાં પહોંચ્યા. દશ મહિના સુધી બિલકુલ નિર્વિચાર ભૂમિકાનો અનુભવ લીધો. કામ તો બંધ જ હતું. પરિણામે વજન ૮૮ થી વધીને ૧૨૮ થયું. તબિયત પણ સુધરી ગઈ અને હવે નિવાસ પણ વર્ધાને બદલે 'પરંધામ' નોથઈ ગયો.ધામ નદીને પેલે પાર વસેલું ધામ એટલે 'પરંધામ.'શબ્દના તો તેઓ સ્વામી !

### સાચું અર્થશાસ્ત્ર

તબિયત ધીરે ધીરે સુધરતી ગઈ, તેમાં ધીરે ધીરે પવનાર ગામનો સંપર્ક પણ વધવા લાગ્યો. ગામમાં એક પરિશ્રમાલય શરૂ કર્યું, જેમાં લોકો રેંટિયો કાંતવા આવતા. પરંધામ આશ્રમમાં એક છાપરી બાંધી વણાટકામ શરૂ કરાવ્યું.

એક વખતે બજારમાં કામળો ખરીદવા ગયા. એક વેચનારી બહેને દોઢ રૂપિયો ભાવ કહ્યો. વિનોબાએ એની પાસેથી પડતર ભાવની વિગતો પૂછી તો પાંચ રૂપિયાથી ઓછામાં તો એ ન જ પડે !

'તો પછી તું દોઢ રૂપિયામાં કેમ આપે છે ?'

'શું કરું ? દોઢ કહું છું, તો સવાએ માંગે છે ! પાંચ રૂપિયા મને કોણ આપે ?'

વિનોબાએ પાંચ રૂપિયા આપી કામળો ખરીદી લીધો ! પેલી બાઈ જોતી રહી કે આ તે કળિયુગ છે કે સતયુગ !

પછી પરિશ્રમાલયના યુવાનોને વિનોબાએ આખો કિસ્સો કહી સંભળાવ્યો અને સમજાવ્યું કે તમે બજારભાવ વધારતાં શીખો, તો ગરીબો પામશે. પછી તો ચોમાસામાં ઘાસનો ભારો વેચનારી બાઈને આ છોકરાઓ બે કે ત્રણ પૈસાને બદલે બે આના આપી ભારો ખરીદી ભાવ વધારી આપતા. આવું હતું વિનોબાનું અર્થશાસ્ત્રનું શિક્ષણ ! સાર્થક કરે તેવું !

## ભરત-રામ-મંદિર

બ્રહ્મ-વિદ્યા-મંદિરના આંગણામાં જ દાખલ થતાં એક સરસ મઝાનું મંદિર આવે છે. આશ્રમની સામે જ ખળખળ વહેતી ધામ નદી અને વચ્ચે નાનકડી સડક પસાર કરીએ કે આ ભરત-રામ-મંદિર ! આખું દશ્ય આપણું મન હરી લે છે !

આ મંદિરની મૂર્તિની પણ એક કહાણી છે. સામાન્ય રીતે તો ગાંધીવિચાર મુજબના આશ્રમોમાં તકલી-રેંટિયો કે કોદાળી-પાવડા જ મૂર્તિરૂપે બિરાજેલા હોય, પણ અહીં ભરત-રામ કેવી રીતે બિરાજમાન થયા ?

શરૂ શરૂમાં સાથીઓ સાથે વિનોબા આ આશ્રમમાં રહેવા આવ્યા ત્યારે ખેતી વગેરેનું કામ ચાલ્યું. ખેતી માટે કૂવાની પણ જરૂર પડે. આ બધું ખોદતાં ખોદતાં એક વાર વિનોબાની કોદાળી જ એક શિલા સાથે ટકરાઈ. ધીરે ધીરે ખોદીને બહાર કાઢી તો એમાં એક અદ્ભુત પ્રસંગ કંડારાયેલો હતો. ચૌદ વર્ષના વનવાસ પછી ભરત અને રામ મળી રહ્યા છે. એક પડખે સીતામાઈ છે, બીજા પડખે લખનભૈયા ! ૧૯૩૨માં ધુળિયાની જેલમાં વિનોબાએ જે 'ગીતા-પ્રવચનો' આપેલાં, તેમાં બારમા અધ્યાયમાં સગુણ-નિર્ગુણ ભક્તિ સમજાવતાં બાબાએ આબેહૂબ આ જ દશ્યનો ચિતાર શબ્દોમાં આપેલો !

વિનોબા કહે છે-મારા માટે મને મૂર્તિપૂજા અનિવાર્ય નથી લાગતી. પરંતુ સાક્ષાત્ પ્રભુ મૂર્તિ બનીને મારી સન્મુખ ખડા રહે તો હું એવો પથરો ય નથી કે એ મૂર્તિને અવગણું !

આમ ભરત-રામજી આશ્રમના હૃદય-સિંહાસને બેસી ગયા છે. બજાજ-પરિવારે એમનું સરસ મજાનું આરસનું મંદિર પણ બંધાવી આપ્યું છે ! શાંત-સ્વચ્છ-શીતલ સ્થાન અંતરમાં અપાર શાંતિ પહોંચાડે છે !

પવનાર આશ્રમમાં એક છોકરો. મહેનતુ અને સાચા દિલનો. પણ બિચારાને બીડી પીવાની લત પડી ગયેલી, તે છાનોમાનો પી લેતો હતો. એક દિવસે એક આશ્રમવાસી જોઈ ગયો. પેલો છોકરો બિચારો ગભરાઈ ગયો. એક તો બીડી પીવી, તે પણ આશ્રમમાં અને વળી છાનામાના ! એણે તો વિનોબા પાસે જઈને ગુનો કબૂલી લીધો.

વિનોબા કહે - બેટા, ગભરાઈશ નહીં. મોટા મોટા લોકો પણ બીડી પીએ છે. પણ હવે હું તને એક અલાયદી ઓરડી આપું છું અને બીડીનું એક બંડલ લાવી આપું છું. જ્યારે બીડી પીવાની ઇચ્છા થાય ત્યારે ત્યાં જઈને પી આવવી.

સાથીઓને આ વાત વિચિત્ર લાગી. ન કાંઈ ઠપકો, ન બંધી ! ઉપરથી પીવાની વ્યવસ્થા ! પણ વિનોબાએ બધાને સમજાવ્યા - એને ખરાબ લત છોડવાની તક તો આપવી જ પડે ને ! અહિંસામાં મનમાં ઉદારતા અને સહાનુભૂતિભર્યું વલણ રાખવું પડે. હા, એનાથી બીજા કોઈને નુકસાન ન થાય કે ભોગવિલાસ ન વધે તેટલો આગ્રહ જરૂર રાખીએ !

પછી તો એ છોકરાએ પણ બીડી છોડી દીધી ! પરંતુ આશ્રમની ખર્ચવહીમાં આજે પણ બીડીનું બંડલ ખરચ ખાતે લખાયેલું મળી આવશે.

અધ્યયન અને અધ્યાપન બેઉ વિનોબાના પ્રિય વિષય. એટલે તો કહે છે — કોઈ મને પૂછે કે તમારો ધંધો શું ? તો હું કહું - શિક્ષક ! અને હું શિક્ષક બની શક્યો છું, કારણકે હું નિરંતર વિદ્યાર્થી છું ! આ અધ્યયન - અધ્યાપનના ઈતિહાસને થોડો જોઈશું ?

તેઓ પોતે જ કહે છે - ૧૯૦૧ માં ગાગોદામાં ભણવાનું શરૂ કર્યું તે ૧૯૧૬ સુધી વડોદરામાં ચાલ્યું, તે દરમ્યાન મેં અક્ષરશઃ હજારો પુસ્તકો વાંચ્યાં. મરાઠી, સંસ્કૃત, હિંદી, ગુજરાતી, અંગ્રેજી, ફ્રેંચ - આમ છ છ ભાષાના ઉત્તમ ગ્રંથો વાંચવા મળ્યા. હિંદીમાં તુલસી-રામાયણ, ગુજરાતીમાં નરસિંહ મહેતા- અખો ભગત વગેરે, ફ્રેંચમાં વિક્ટર હ્યુગોની 'લા મિઝરેબલ', અંગ્રેજીમાં મિલ્ટન, વર્ડ્સવર્થ, બ્રાઉનીંગ જેવા કવિઓ, સંસ્કૃત ઓછી આવડતી એટલે ગીતા વાંચી. પણ મરાઠીમાં તો જ્ઞાનદેવ, નામદેવ, તુકારામ, એકનાથ, રામદાસ- હજારો ઓવી અને ભજનો મને મોંઢે થઈ ગયાં. આ પહેલો તબક્કો.

પછી ૧૯૧૮ થી ૧૯૬૯ સુધી મારો વેદનો અભ્યાસ ચાલ્યો. આ પચાસ વર્ષ દરમ્યાન વેદવેદાંત, રામાયણ, મહાભારત, ભાગવત, યોગવશિષ્ઠ, યોગસૂત્ર, બ્રહ્મસૂત્ર, સાંખ્યસૂત્ર, રઘુવંશ વગેરે બધા ગ્રંથો વાંચ્યા. ૩૩ ભાષ્યો વાંચ્યાં. આ મારો વચલો ગાળો!

હવે આ આવે છે ૧૯૭૫. ૮૧ વર્ષના વૃદ્ધ થયા, તો આશ્રમ માટે બે ગ્રંથો રાખ્યા — એક ગીતા, બીજો — વિષ્ણુસહસ્રનામ !

જીવનની પહેલી અવસ્થામાં પાંચ સંતોની અસર, બીજી અવસ્થામાં વેદની મુખ્ય અસર, ત્રીજી અવસ્થામાં સૌથી વધુ વિષ્ણુસહસ્રનામની અસર.

આ તો બધું હિંદુધર્મનું નવનીત ! તદુપરાંત વિવિધ ધર્મોના પ્રમુખ ગ્રંથો પણ એટલા આત્મસાત્ કર્યા કે 'વિવિધ-ધર્મ-સાર' કાઢીને સર્વ-ધર્મ સમન્વયનું મોટું કામ પાર પાડ્યું. તદુપરાંત ભારત દેશની તમામ વિવિધ ભાષાનું સર્વોત્તમ સાહિત્ય વાંચ્યું. લગભગ ૫૦,૦૦૦ પદ્યો એમને કંઠસ્થ થઈ ગયેલાં. તદુપરાંત પ્રાચીન અરબી, ફારસી, અર્ધમાગધી, પાલી ભાષા પણ શીખી, ચીની-જપાની શીખ્યા, એક જર્મન યુવતી પાસે જર્મની શીખ્યા. એસ્પેરેંટો પણ શીખ્યા.

નવલકથા વાંચવી ન ગમે. એક વખતે કાકાસાહેબ કાલેલકર જેલમાં હતા, ત્યારે આ અંગે ચર્ચા ચાલી, ત્યારે વિનોબાએ કહ્યું - મને તો એ જ સમજાતું નથી કે ઇતિહાસનું આટલું પ્રચુર સાહિત્ય પડ્યું છે, તે વાંચવાનું છોડી લોકો નવલકથા કેમ વાંચતા હશે ? આપણને જે જીવન-પરિચય જોઈએ, તે ઇતિહાસમાં મળી શકે. ત્યારે કાકાસાહેબે કહ્યું - ઇતિહાસનું મહત્ત્વ હું પણ સમજું છું, પરંતુ ઇતિહાસ તો જીવનનું હાડપિંજર જ રજૂ કરે છે અને તેમાં ય રાજા-મહારાજાઓનાં કરતૂત જ ભર્યાં પડ્યાં હોય. એમાં જનજીવનની તો ઉપેક્ષા જ હોય છે. નવલકથાઓમાં ભલે સ્ત્રી-પુરુષ સંબંધ અંગેની વાતો હોય તો, પણ રાષ્ટ્રજીવનનું માંસ તો એમાં જ જોવા મળે છે. ઇતિહાસમાં હાડકાં અને નવલકથાઓમાં માંસ-આમ બેઉ ભેળવીએ ત્યારે આપણને પૂરું શરીર મળે !

પછી કાકાસાહેબે વિનોબાને રવીન્દ્રનાથ ટાગોરની 'ગોરા' નવલકથા વાંચવા કહી. બંગાળી શીખીને તેઓ એ વાંચી ગયા. પછી કહે - આવી નવલકથા વાંચવા મળે, પછી ઇતિહાસ વાંચવાની જરૂર જ ક્યાં રહે છે ?

જેલમાં બંનેને એક જ ખોલીમાં રાખવામાં આવ્યા હતા. સારી જોડી જામી હતી. બંને વિદ્વાન. ઊંડી તત્ત્વચર્ચાઓ ચાલે. વિનોબા કહે - કાકાસાહેબને કારણે મારી ઘણી મહેનત ઓછી થઈ જતી. એ જે કાંઈ વાંચે તેમાં મહત્ત્વની બાબતો નીચે લીટી આંકી રાખે, એટલે મારે તો લીટી અંકિલું જ વાંચી જવાનું હોય ! - કેટલો વિશ્વાસ !

આમ તો ઉંમરમાં કાકાસાહેબ વિનોબા કરતાં દશ વર્ષ મોટા, પરંતુ આશ્રમમાં વિનોબા પહેલા પહોંચેલા, એટલે ક્યારેક ચર્ચા ચાલે કે આ બેઉમાં સીનીઅર કોણ અને જુનિયર કોણ ? ત્યારે કાકાસાહેબ કહે, ગાંધીજીને ગયે દશ વર્ષ થઈ ગયાં, (૧૯૫૮) આજે હું કહી શકું છું કે ગાંધીકાર્યના પ્રચાર અને વિસ્તારમાં અમારા વિનોબા 'સીનિયર મોસ્ટ' છે.

આનાથી વધુ સુંદર પુરસ્કાર બીજો ક્યો હોઈ શકે ?

ઇતિહાસનું ચક્ર એકધારી ગતિથી ચાલ્યે જતું હતું. ૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલન પછી અંગ્રેજોની બે બિલાડીની રમત સફળ થતાં ભારતમાં હિંદુ-મુસ્લિમો વચ્ચે ભારે રમખાણ ફાટી નીકળ્યાં. છેવટે ઝીણાની પાકિસ્તાનની માંગણી સ્વીકારવી પડી. ગાંધીજી માટે તો આ

આકાશ પડવા જેવું દુઃખ હતું. ૧૯૪૭માં સ્વરાજ્ય આવ્યું. ગાંધીજી તો ભાગલા પછી દેશમાં લાગેલી આગને બૂઝવવા સીમાડે જ ફરતા હતા. છેવટે એમાં જ એમનું બલિદાન લેવાયું અને દેશ ત્યારે જાણે અનાથ બની ગયો.

## સર્વોદય-સમાજની સ્થાપના

બાપુ સાથે રહેલા લોકોની નજર હવે વિનોબા તરફ હતી. ભારતભરના ગાંધીજન ૧૯૪૮માં સેવાગ્રામમાં મળ્યા. સૌએ સાથે મળીને 'સર્વોદય સમાજ' અને 'સર્વ સેવા સંઘ'ની સ્થાપના કરી અને વર્ષમાં એક વાર સર્વોદય સંમેલન ભરવાનું નક્કી કર્યું. વળી દર ૧૨મી ફેબ્રુઆરીએ દેશમાં ઠેર ઠેર સર્વોદય મેળા યોજી સૂતાંજલિ સમર્પણ કાર્યક્રમ ઘડી નાંખ્યો.

ત્યારે દિલ્હીમાં શરણાર્થીઓની લાંબી વણઝારોને ફરી ઠેકાણે પાડવાનું કામ ચાલતું જ હતું. એ કામમાં ત્યારના વડાપ્રધાનશ્રી જવાહરલાલ નહેરુને મદદરૂપ થવા વિનોબાએ 'શાંતિયાત્રા' કરી. પરંતુ રીઢી થઈ ગયેલી નોકરશાહીના રાજ્યમાં ખાસ કશું વળશે નહીં, એવા તારણ પર આવતાં પાછા પવનાર આવી ગયા.

## કાંચનમુક્તિનો પ્રયોગ

પવનારના આ પ્રયોગી બાબાનો 'કાંચનમુક્તિ'નો પ્રયોગ પણ એક અનન્ય પ્રયોગ છે ! ૧૯૪૯-૫૦નો સમય હતો. કાંચનમુક્તિ એટલે પૈસાથી મુક્તિ, કેવળ શ્રમને આધારે જે કાંઈ અન્ન-વસ્ત્ર મળે તે પર ટકવું. આઠ આઠ કલાકનો કપરો શ્રમ કરતા. અન્ન માટે ચૌદ એકર જમીન મેળવી તે પર 'ઋષિ-ખેતી' એટલે બળદ વગરની ખેતી શરૂ કરી. સૌ આશ્રમવાસીઓએ સાથે મળી કૂવો ખોદ્યો, પછી તો એ કૂવા પર જ રહેંટ ફેરવતાં ફેરવતાં સવાર-સાંજ પ્રાર્થના થતી. વિનોબાને કોઈ મળવા આવે તો એ મુલાકાતો પણ રહેંટ ચલાવતાં ચલાવતાં જ થતી. આ એ જ સ્થાન અને એ જ સમય છે,જયારે વિનોબાની મુલાકાતે આવેલા જયપ્રકાશજીએ કહેલું , 'મને અહીં પ્રકાશનું કિરણ દેખાય છે'.

૧૯૫૦ માં પહેલો નિર્ણય કર્યો કે આશ્રમમાં શાકભાજી બહારથી નહીં આવે, પછી અનાજ માટે ઋષિ-ખેતી આવી. તારણ કાઢ્યું કે બળદની ખેતી કરતાં આ ખેતીમાં દોઢગણું વધારે વળતર મળ્યું. બળદનો ઉપયોગ પાણી ખેંચવામાં, ઘાણીમાં, ભારવહનમાં કરી શકાય.

આખરે તો કાંચનમુક્તિનો આ પ્રયોગ એટલા માટે છે કે સમાજ લફંગા જેવા પૈસાના અર્થકારણમાંથી છૂટે અને સાચી 'શ્રી'ની ઉપાસના કરે. એટલે બાપુના ગયા પછી બહાર દેશમાં ફરવાનું થયું, તે રેલગાડીનો પ્રવાસ થયો. ત્યારે પણ મનમાં સતત ચક્ર ચાલતું રહ્યું કે આ બધાનો આધાર તો ''પૈસો' જ છે, આવાં સાધનો વાપરીને અહિંસક સમાજરચના સ્થાપી શકાય? કશુંક નવું મળવું જોઈએ ! આ હતી શોધ અને આ હતી ગડમથલ !

# ૬. ભૂદાન-આરોહણ

## (૧૯૫૧ થી ૧૯૭૦)

૧૯૪૯માં રાઉ, મધ્યપ્રદેશના સંમેલનમાં સૌ સાથીઓનાં દર્શન થયાં હતાં. ત્યાર પછીના સંમેલનમાં વિનોબાજી ગયા નહોતા. હવે ૧૯૫૧માં હૈદ્રાબાદમાં ત્રીજું સર્વોદય સંમેલન ભરાવાનું હતું. સૌના આગ્રહથી વિનોબા ત્યાં જવા તૈયાર થયા. પરંતુ પોતાની રીતે ! વિનોબાની કઈ રીત ? વગર પૈસાની રીતસ્તો ! એ તો પગપાળા નીકળ્યા. ગામેગામના લોકો સાથે અંતરનો તાર જોડતા જાય. કહેતા – 'અંદર જોઉં છું તો રામ દેખાય છે, બહાર જોઉં છું તો કોદાળી દેખાય છે !'

સંમેલનમાં પણ એમણે આ જ સંદેશો આપ્યો – અંતઃશુદ્ધિ, બહિઃશુદ્ધિ, શ્રમ, શાંતિ અને સમર્પણ – આ છે સર્વોદયનો પંચવિધ કાર્યક્રમ. સ્વરાજ્ય મળી ગયું છે, હવે આપણે સામાજિક અને આર્થિક ક્રાંતિનું કામ હાથમાં લેવાનું છે.

### હિંસાની હોળી વચ્ચે

૧૯૫૧ના આ દિવસોમાં તેલંગાણા વિસ્તારમાં હિંસાની હોળી સળગતી હતી. સામ્યવાદીઓના પ્રચારથી ગરીબ ભૂમિહીન ખેતમજૂરો પોતાના જમીન મેળવવાના અધિકાર માટે અધીરા બન્યા હતા અને એ વિસ્તારમાં લગભગ ત્રણસો જમીનદારોનાં ખૂન થઈ ચૂક્યાં હતાં. કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસ અને લશ્કર પાછળ વર્ષે દહાડે પાંચ કરોડનો ખરચ થતો હતો. ગામે ગામ દહેશત ફેલાઈ ગઈ હતી. દિવસે પોલીસોનો ત્રાસ અને રાત્રે સામ્યવાદીઓનો ! આ બધી પરિસ્થિતિનો વિનોબાને તાગ હતો. સંમેલનમાંથી પાછા વળતાં પણ એમની પદયાત્રા જ ચાલી.

### પહેલું ભૂદાન

પોચમપલ્લી નામનું ગામ. ૧૮મી એપ્રિલનો દિવસ ! તે દિવસે ગામના હરિજનોએ એંસી એકર જમીનની માગણી મૂકી હતી. સાંજે પ્રાર્થનાસભામાં વિનોબાએ ગ્રામજનોને સહજ પૂછ્યું – આ લોકોને જમીન જોઈએ છે. સરકાર તરફથી જમીન મળતાં વાર લાગે, અથવા તો ન પણ મળે, તો તમે ગામવાળા કાંઈ કરી શકો ખરાં?

ત્યાં સભામાં એક ઊંચી, પાતળી વ્યક્તિ ઊભી થઈ અને કહે – 'મારા પિતાજીની ઇચ્છા મુજબ હું આ હરિજનભાઈઓને ૫૦ એકર પિયત અને ૫૦ એકર સૂકી જમીન આપવા તૈયાર છું !'

આ હતા જમીનદાર શ્રી રામચંદ્ર રેડ્ડી ! વિનોબાનું એક વેણ અને એમના હૈયાનો રામ

જાગી ઊઠ્યો ! સભા તો સ્તબ્ધ થઈ ગઈ ! એક વીઘા જમીન માટે જ્યાં માથાં કપાઈ રહ્યાં હતાં, ત્યાં આ શું ચમત્કાર !

તે રાતે વિનોબા પણ ઊંઘી ન શક્યા. વિનોબા કહે છે - એ રાતને હું કદી ન ભૂલી શકું. કારણ કે એ દિવસે મને અહિંસાનો સાક્ષાત્કાર થયો. હું વિચારમાં ડૂબી ગયો, શું આમાં ઇશ્વરનો કાંઈ ઇશારો છે ?

અને વિનોબાને ખાતરી થઈ કે ભગવાન એમની પાસેથી કામ લેવા માંગે છે. દેશમાં જમીનની ભૂખ છે. એ માટે લોહીની નદી પણ વહી રહી છે, ત્યારે કોઈ પ્રેમથી જમીન માંગે તો જમીન આપનારા પણ નીકળી શકે. આમાં ઈશ્વરી સંકેત છે !

શ્રદ્ધાનો દીવો પેટ્યો અને એના અજવાળે અજવાળે વિનોબાએ ગામેગામ ફરી જમીન માંગવાંનો સંકલ્પ કર્યો. બીજે દિવસે પણ આ ઋષિતુલ્ય સંતે લોકો પાસે ભૂમિદાન માંગ્યું અને લોકોએ આપ્યું. ત્રીજે-ચોથો દિવસ ! વીસમો- પચીસમો દિવસ ! અને સવા બે મહિનાની તેલંગાણા-યાત્રામાં બાર હજાર એકર ભૂદાન મેળવી વિનોબા આશ્રમે પાછા ફર્યા.

## બીજી ખેપે પણ એ જ અનુભવ

આમ ભૂદાનની ગંગોત્રી ફૂટી નીકળી. પવનાર પાછા આવી ફરી કાંચનમુક્તિના પ્રયોગમાં લાગી ગયા. એમણે કહ્યું - અહિંસાની શોધ એ મારું જીવનકાર્ય છે. અહિંસાને સાધવા જ મારા તમામ પ્રયોગો ચાલે છે. તેલંગાણામાં મને જગતની સમસ્યાઓનો ઉકેલ અહિંસાથી કેવી રીતે આવે એનો જવાબ મળી ગયો છે.

ત્યાં પાછું દિલ્હીનું તેડું આવ્યું. દેશની પહેલી પંચવર્ષીય યોજના અંગે ચર્ચા કરવા નહેરુજીનું નિમંત્રણ આવ્યું. ત્યાં પણ એ પગપાળા જ પહોંચ્યા. રસ્તે ગામેગામ પ્રેમપૂર્વક જમીનની ટહેલ નાંખી અને આ સંતની ઝોળી પ્રેમનાં ભૂદાનથી છલકાઈ ગઈ !

ફરી વાર 'એક સંતે ભૂદાન માંગ્યું અને લોકોએ ગામેગામ તે આપ્યું !' આ સાંભળીને દેશ અને દુનિયાની આંખો ખૂલી ગઈ ! દેશભરના કાર્યકરો ભેગા થયા અને રાષ્ટ્રની ભૂમિ-ભૂખ ભાંગવા કુલ ખેડાણ જમીનના છઠા ભાગ મુજબ દેશના પાંચ કરોડ ભૂમિહીનો માટે 'પાંચ કરોડ એકર' ભૂદાનનો સંકલ્પ પ્રગટ થયો. દિલ્હી પહોંચતા સુધીમાં ૧૮,૦૦૦ એકર ભૂમિ દાનમાં મળી ગઈ હતી !

## આખા દેશમાં પદયાત્રા

પછી તો રામજીનું તીર છૂટ્યું તે છૂટ્યું ! પદયાત્રા ઉત્તર પ્રદેશ ગઈ, બિહાર ગઈ, બંગાળ થઈને ઓરિસ્સા અને પછી આખો દેશ ! ... તેર તેર વર્ષ સુધી આ ભૂદાન-પદયાત્રા ચાલી. આ ચિર-પદયાત્રિક ન વરસાદ જોતો, ન ગરમી, ન ઠંડી ! માંદગી આવી તો ય પગ ન થંભ્યા ! વરસાદની ઋતુમાં ચેરાપુંજીમાં ચાલવાનું આવે, તો ય મંજૂર અને બળબળતી લૂમાં રાજસ્થાન, મધ્ય-પ્રદેશમાં ફરવું પડે તો ય મંજૂર!

કહે – અગાઉ અશ્વમેધ યજ્ઞ થતા. આ પ્રજાસૂય યજ્ઞ છે અને હું એનો ઘોડો છું અને ગામેગામ અહિંસાના વિજય માટે ફરું છું !

કોઈ કહે, 'પણ આ વિજ્ઞાનના જમાનામાં પગપાળા શા માટે ? વિમાનમાં જાઓ તો જલદી પહોંચાય અને ઘણાં બધાં સ્થળે જવાય !'

તો કહેતા – હવાઈ જહાજમાં ફરું તો મને 'હવાદાન' મળે ! મારે તો 'ભૂમિદાન' જોઈએ છે, એટલે જમીન પર પગપાળો ફરું તો જ એ મળે !

ગામ લોકોને સીધી સાદી ભાષામાં સમજાવતા – હવા, સૂરજનો પ્રકાશ અને પાણી ભગવાને બનાવ્યાં, તેના પર કોઈ માણસની વ્યક્તિગત માલિકી નથી, તો જમીન પણ ભગવાને જ બનાવી છે ! ભગવાને એ સૌ કોઈ માટે બનાવી છે ! જેવી રીતે મા પર બધાં બાળકોનો સમાન હક્ક છે, એ જ રીતે ભૂમિમાતા પર પણ સૌ સંતાનોનો સમાન અધિકાર છે ! હું કાંઈ તમારી પાસે ભિક્ષા કે ભીખ માંગવા નથી આવ્યો. હું તો તમને પ્રેમની, અહિંસાની દીક્ષા આપવા આવ્યો છું. તમારો છઠ્ઠો ભાઈ બનીને આવ્યો છું. આ ગરીબ ભૂમિહીન ભાઈઓનો પ્રતિનિધિ બનીને મારો હક્ક માંગવા આવ્યો છું !

વિનોબા માંગતા ગયા અને લોકો આપતા ગયા. ગજબનું હતું એ વાતાવરણ ! જાણે ત્યાગ અને ભાઈચારાનું પૂર ઊમટ્યું ! કોઈ કહે કે તમે તો થોડું થોડું ભૂદાન સ્વીકારી જમીનના ટુકડા પાડો છો, ત્યારે કહેતા– 'હું જમીનના ટુકડા પાડવા નહીં, હું તો દિલોને જોડવા આવ્યો છું !'

'પણ આમ તો ગરીબીની જ વહેંચણી થાય !' એ દલીલના જવાબરૂપે કહેતા – હું તો અમીરી અને ગરીબી બંનેને મિટાવી અમીર-ગરીબ બંનેને બચાવી લેવા આવ્યો છું !

ક્યારેક કહે – હું ત્રિવિધ પરિવર્તન ઇચ્છું છું. પહેલું હૃદય-પરિવર્તન, પછી જીવન-પરિવર્તન અને ત્યાર બાદ સમાજ-પરિવર્તન !

તા. ૯-૨-૫૨ ને બુદ્ધ-પૂર્ણિમાને દિવસે કહે – ભૂદાનયજ્ઞનું કામ ધર્મચક્ર-પ્રવર્તનનું કામ છે. પહેલાં તો 'એકલા ચલો રે' ચાલ્યું, પછી સેવાપુરી સર્વોદય સંમેલનમાં, ૧૯૫૨માં બે વર્ષમાં ૨૫ લાખ એકર ભૂદાન મેળવવાનો સંકલ્પ દેશભરના કાર્યકરોએ કર્યો અને દેશ આખામાં જાણે ભૂદાનગંગાનું પૂર ફરી વળ્યું ! ગુજરાતમાં પણ સ્વ. પૂ. સર્વશ્રી રવિશંકર મહારાજ, સંતબાલજી, બબલભાઈ, જુગતરામભાઈ જેવા અગ્રણીઓએ પણ આ આંદોલન-માં ઝુકાવ્યું અને સાથોસાથ નવી પેઢીના ઊગતા જુવાનોના પણ જોશ અને ઉત્સાહ પ્રગટ થયા.

વિનોબાએ છઠ્ઠો હિસ્સો જમીન માંગી, તો લોકોએ જમીન આપી. 'ગ્રામ-દાન' માંગ્યું તો આખાં ને આખાં ગામ, એટલે કે ગામની જમીનની માલિકી આખા ગામની અને સૌ ખેડૂત વીસમા ભાગની જમીન ગામના ભૂમિહીન માટે કાઢી આપે, અને ગામનો વહીવટ ગામ જ ચલાવે તેવા સંકલ્પપત્રો ભરી ઢગલાબંધ 'ગ્રામદાન' પણ મળ્યાં !

એક વાર સરવાણી ફૂટી, પછી તો ભૂદાનગંગાની અનેકાનેક શાખા-પ્રશાખા વહેવા લાગી. સંપત્તિદાન, શ્રમદાન, સમયદાન અને ૧૯૫૪ માં બિહારના બોધગયા સંમેલનમાં તો જયપ્રકાશજીએ લોકો પાસે 'જીવનદાન'ની માંગણી કરી અને એમનાં કરકમળોમાં આ ભૂદાનીબાબાએ પોતાનું જીવનદાન આપતાં લખ્યું , भूदानयज्ञमूलक ग्रामोद्योगप्रधान अहिंसक क्रांति के लिए मेरा जीवन-समर्पण हो । અને પછી તો જીવનદાનીઓનું વહેણ ફૂટી નીકળ્યું !

એક વાર કોઈકે કહ્યું - વિનોબાજી, આ જીવનદાનીઓનું સંમેલન બોલાવો ને !

ત્યારે હસતાં હસતાં કહે - જીવનદાનીઓનું સંમેલન આ પૃથ્વી પર ? અરે, એ સંમેલન તો સ્વર્ગમાં ભરાશે ! આખરી શ્વાસ સુધી જીવન આ કામમાં અપાયું કે નહીં, તેની કસોટી તો જીવન પૂરું થાય ત્યારે જ થાય ને !

## પાવન પ્રસંગો

આ ભૂદાન-યાત્રામાં પાવન પ્રસંગો પણ કેટલા બન્યા ! સમી સાંજની આવીને બેઠેલી નૈનીતાલની પેલી શબરી, વિનોબા વહેલા સૂઈ જાય એટલે ઠંડીમાં આખી રાત બેસી રહી. સવારે કોળિયામાંથી કોળિયો કાઢી આપે તેમ નાનકડું ભૂદાન આપ્યું ! એક બાજુ વિદુરની ભાજી તો બીજી બાજુ અઢી લાખ એકર જમીનું દાન આપી ઉપરથી કોદાળીથી લોકોના ખેતરો ખેડી શ્રમદાન કરનારા રામગઢના મહારાજા ! ક્યાંક તો સમર્પણની એવી હેલી વરસી કે 'મારું સર્વસ્વ સંતને ચરણે'. પછી આગ્રહ કરી કરીને થોડું લઈ ઝાઝું પાછું વાળવું પડે ! ત્યારે આપણા એક ગુર્જર કવિએ ગાયું -

સાંભળજો સંતની વજ્જર-શી વાણી<br>
તૂટે કરાડો ને ફૂટે સરવાણી<br>
અંતરના અમરતની ધારાએ ધારાએ<br>
બુઝાવે હિંસાની હોળી...<br>
મારા સાધુની છલકાવો ઝોળી !

લંગોટીભેર સાધુની આ ઝોળી છલકાઈ. એણે આખી દુનિયા સમક્ષ અહિંસક સમાજ રચવા માટેની એક સુંદર પ્રક્રિયા પ્રગટ કરી આપી. કતલ નહીં, કાનૂન નહીં, પણ કરુણાની

પ્રક્રિયા ! આ આંદોલનથી પ્રેરિત થઈ વિદેશી લેખકોએ પુસ્તકો પણ લખ્યાં - The Saint on the march ! - Bhoodan Movement.

આ આંદોલનથી આખા ભારતમાં હલચલ મચી ગઈ. સર્વત્ર સદ્ભાવ અને ત્યાગનું એક મોજું ફરી વળ્યું. લોકોના હૈયામાં એક વાત સ્થિર થવા લાગી કે જમીન હવે વહેંચાઈને રહેશે. વિનોબાએ ભૂદાનયજ્ઞને આંદોલન નહીં, પણ 'આરોહણ' કીધું, જેમાં લોલકની ડાબા-જમણાની આંદોલનાત્મક ગતિ નહીં, પરંતુ પ્રતિક્ષણ ઉપર ચઢવાની ગતિ છે.

## 'ગ્રામદાન'ને માન્યતા

પશ્ચિમના ચિંતક શ્રી લૂઈ ફિશરે લખ્યું કે ગ્રામદાન એ પૂર્વમાંથી આવતો સર્વોત્તમ વિચાર છે. ત્યાર પછી તો ૧૯૫૭માં કર્ણાટકના યેલવાલમાં સર્વપક્ષીય રાજનેતાઓની ગ્રામદાન-પરિષદ થઈ, જેણે સર્વસંમતિપૂર્વક 'ગ્રામદાન'ના વિચારને પોતાનું સમર્થન જાહેર કર્યું. આ પરિષદમાં વિનોબાએ 'ગ્રામદાન' એ રાષ્ટ્રસંરક્ષણનું સાધન-ડીફેન્સ મેજર છે એમ કહ્યું. ૧૯૫૭ માં આખા દેશના ગગનમાં 'સત્તાવનમેં હો સ્વરાજ' મંત્ર ગાજી ઊઠયો.

૧૯૫૯ સુધીમાં વિનોબાજીએ મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાળ, ઓરિસ્સા, દક્ષિણના ચારે પ્રાંત, મહારાષ્ટ્ર, ગુજરાત તથા રાજસ્થાનની પદયાત્રા પૂરી કરી અને ૧૯૫૯ માં વિનોબાએ કાશ્મીર-પ્રવેશ કર્યો. પ્રવેશ વખતે જ કહેલું — અહીં હું જોવા-સાંભળવા અને પ્યાર કરવા આવી રહ્યો છું ! અને સાચે જ, વિનોબાજીને ત્યાં ખૂબ પ્રેમ મળ્યો. એમણે આ સૂત્ર અહીં જ આપ્યું કે સંકુચિત સંપ્રદાય અને રાજકારણના દહાડા હવે પૂરા થયા, હવે તો અધ્યાત્મ અને વિજ્ઞાનનો યુગ આવ્યો છે.

## હરિજન-મંદિર-પ્રવેશ માટે માર ખાધો

અહિંસાના આ ક્રાંતિ-ચરણમાં બીજા પણ અણધારેલા અનેક ચમત્કારો સર્જાયા. પદયાત્રા જ્યારે બિહાર પહોંચી ત્યારે વૈદ્યનાથધામમાં દેવઘર-મંદિરમાં પંડાઓના હાથનો માર ખાઈ વિનોબા મંદિરેથી પાછા ફરેલા. ત્યારે કહ્યું હતું-હું તો ગયો હતો દેવનાં દર્શને પણ એમનો સ્પર્શ પામીને પાછો ફર્યો ! પરંતુ ભેદાસુરનો આ રાક્ષસ ખતમ થાય એ જરૂરી તો હતું જ. ઓરિસ્સામાં જગન્નાથપુરીમાં એક વિદેશી ફ્રેંચ મહિલા સાથે હોવાને કારણે વિનોબા-ટુકડીને મંદિરપ્રવેશ ન મળ્યો, ત્યાર પછી કાંચીપુરમ્, ગુરુવાયુરના મદ્રાસ-કેરળનાં મંદિરનાં દ્વાર વિનોબા ખખડાવતા રહ્યા. છેવટે કર્ણાટકના ગોકર્ણ-મહાબળેશ્વરમાં અને મહારાષ્ટ્રના પંઢરપુરમાં મંદિરનાં એ બંધ દ્વાર ખૂલ્યાં અને હરિજનો અને અનેક વિધર્મી સાથીઓ સાથે વિનોબાએ ચોધાર આંસુ સમેત વિઠોબાનાં દર્શન કર્યાં. પંઢરપુરનું મંદિર 'વિશ્વમંદિર' જાહેર થયું અને મંદિરો માટે જાણે એક નવું દ્વાર ખૂલી ગયું !

## બાગીઓનું શસ્ત્ર-સમર્પણ : સંતનું બહારવટું

આવો જ ભવ્ય અને દિવ્ય ચમત્કાર સર્જાયો ચંબલની ખીણમાં. જેનું નામ પડે અને ગર્ભિણી સ્ત્રીઓના ગર્ભ પડી જાય એવા ચંબલ પ્રદેશના ૧૯ ખૂંખાર ડાકુઓએ વિનોબાનાં ચરણોમાં પોતાનાં હથિયારો ધરી દીધાં. ૧૯મે ૧૯૬૦ના રોજ લુક્કા અને માનસિંહ-રૂપા જેવા ભયાનક કહેવાતા બહારવટિયાઓએ જયારે આત્મસમર્પણ કરી દીધું, ત્યારે તો જાણે પૃથ્વી પર સ્વર્ગ ઊતરી આવ્યું !

ડાકુના પ્રદેશમાં દાખલ થતાં જ વિનોબાએ કહી દીધેલું-હું ડાકુના નહીં, સજ્જનોના પ્રદેશમાં પહોંચી રહ્યો છું. તમે બાગી છો તો હું પણ એક બાગી જ છું, તમારો દોસ્ત છું. અને મારી પણ સમાજ સામે બગાવત જ ચાલે છે. આપણી બગાવતની રીત જુદી છે ! આત્માની શકિતથી બગાવત થાય તો સમાજમાં ડાકુ પણ નહીં રહે અને પોલીસ પણ નહીં રહે ! પ્રેમ અને શાંતિ સ્થપાશે અને તેમાંથી સ્વસ્થ સમાજનું નિર્માણ થશે !'

વળી ઉમેરતા-લોકો પૂછે છે કે બાગીઓનું સાચેસાચ હૃદયપરિવર્તન થયું ? ત્યારે હું એમને કહું છું કે એમનું પરિવર્તન થયું કે નહીં, તેની મને ખબર નથી. પરંતુ અહિંસાના આ સાક્ષાત્કારથી મારું પરિવર્તન તો થઈ જ ગયું. મારામાં મૃદુતા આવી ગઈ.

## એક પરિપૂર્ણ સમાજશાસ્ત્ર

સર્વોદય એક વિચારધારા છે. એ કોઈ વાદ-પ્રતિવાદ નથી, પરંતુ સમાજનું એક પરિપૂર્ણ જીવનશાસ્ત્ર છે. ભૂદાનરૂપી બીજમાંથી આ વિચારધારાનું એક પરિપૂર્ણ શાસ્ત્ર વિકસ્યું. બીમાંથી જાણે વડલો ઊગ્યો !

ભૂદાનમાંથી ગ્રામદાન-તાલુકાદાન-પ્રખંડદાન અને રાજ્યદાનનાં અંકુર તો ફૂટયાં જ, નિધિમુકિત-તંત્રમુકિત જેવા આયામો પણ જડયા. તદુપરાંત સર્વોદયપાત્ર-શાંતિસેના-ગ્રામસ્વરાજ્ય-લોકનીતિ-આચાર્યકુળ-જયજગત્‌ની વિચારધારા પર આધારિત એવા વિવિધ કાર્યક્રમો પ્રગટ થયા, જેના પાયા પર સર્વોદયના અહિંસક સમાજનું મકાન નિર્માણ થઈ શકે. દેશભરમાં આ બધું પ્રતીકરૂપે થયું, પરંતુ આ પ્રતીકોએ એક સંભાવના સાકાર થઈ શકે છે, તેવો વિશ્વાસ પ્રગટાવ્યો.

ઘણા આક્ષેપ કરે છે કે ભૂદાનનું બધું દાન તો કાગળિયા પર જ ને ! સાવ એવું તો નથી જ.લોકોનાં માથાં વાઢી વાઢીને કે સરકારી કાયદાની જુદી જુદી કલમો પર સહી કરી કરીને જેટલી જમીન ગરીબોમાં વહેંચી શકાઈ છે, તેના કરતાં અનેકગણી જમીન ભૂદાન દ્વારા ભૂમિહીનોના હાથમાં પ્રત્યક્ષ પહોંચાડી શકાઈ છે. કુલ પચાસ લાખ એકર જમીન ભૂદાનમાં મળી. એનો ત્રીજો ભાગ ઉજજડ-વેરાન-કાંકરાવાળી જમીન ગણી બાદ કરી નાંખીએ તો પણ કુલ ૨૧ લાખ એકર જમીનનું વિતરણ કરી શકાયું . આ તો નકકર પ્રાપ્તિ !

અને 'કાગળિયા પરની કરામત' એ શું હતું ? આ 'કાગજી ક્રાંતિ' નું પણ કાંઈ ઓછું મહત્ત્વ નહોતું ! લાખો દાતાઓનાં દિલ-દિમાગમાં ભોગ-ત્યાગનું કુરુક્ષેત્ર ઊભું થતું, સ્વાર્થ એક બાજુ તાણે, સમાજ બીજી બાજુ ખેંચે અને છેવટે હૃદયમાં તજવાની વાત પર હોંકારો આવે, ત્યારે જ દાનપત્ર પર સહી થઈ શકે. આ અંતર દ્વંદ્વ અને તેમાં ત્યાગભાવનાનો વિજય એ કાંઈ નાની સૂની સિદ્ધિ નહોતી ! કમનસીબે આ ભૂદાનનું કામ પાછળથી મંદ પડી ગયું, બાકી દાનપત્રોના એ ઢગલા પર જ ગ્રામસ્વરાજયનું ભવ્ય મકાન પણ આપણે બાંધી શકયા હોત ! છેવટે આ બધી સરકારો રચાય છે, તે પણ મતોના કાગળિયા પર તો રચાય છે ! ગામડાની ગ્રામ-સરકાર કે જનતા-સરકાર રચવા લોકહૃદયમાંથી પ્રગટેલી ત્યાગ-ભાવનાના પ્રતીકરૂપ દાનપત્રો પૂરતાં ન થાત ?

## ભૂદાનયાત્રાની આડ-પેદાશ

આ તો ભૂદાન-આંદોલનની સીધી કાર્યસિદ્ધિ ! મુખ્યપેદાશ ! પણ આ યાત્રા દરમ્યાન જે આડપેદાશરૂપે પેદા થયું તે પણ કેટલું અણમોલ છે ! શું છે આ અણમોલ ચીજ?

વિનોબા કહે છે-અહિંસાની ખોજ માટે મારું જીવન છે. મારા જીવનનાં તમામ કાર્યો દિલ જોડવાના એક માત્ર ઉદ્દેશથી પ્રેરિત છે. ભૂદાન દ્વારા ગરીબ-અમીરોનાં દિલ જોડયાં. 'વિશ્વમંદિર'નો વિચાર મૂકી, સવર્ણ-અવર્ણ ના ભેદાસુરને નાથ્યો. આવો જ એક ભેદાસુર સમાજને હંફાવી રહયો છે. તે છે વિવિધ સંપ્રદાયોનો ભેદાસુર ! ધર્મના નામે લોકોનાં હૃદય પર કારમા પ્રહારો સમાજમાં થયા જ કરે છે અને સમાજની દીવાલોમાં તડો પડતી રહે છે. સમાજનું એક સ્વસ્થ ભુવન નિર્માણ કરવા વિનોબાએ 'સર્વધર્મ સમન્વય' નો વિચાર મૂકયો અને એની પ્રત્યક્ષ પ્રક્રિયા સ્વરૂપે પ્રત્યેક ધર્મનો સાર ચૂંટી સર્વધર્મસારના ગ્રંથો પોતે જ નિર્માણ કરી પ્રગટ કરાવ્યા. વિવિધ ધર્મગ્રંથોનું સાર-ચયન આ એક સાહસભરેલું કામ હતું ! પરંતુ વિવિધ પંથોના ધર્માધિકારીઓએ એમના આ સાહસને સ્વીકાર્યું અને વધાવી લીધું. વિનોબાનાં 'કુરાન-સાર' પૂર્વ પાકિસ્તાનયાત્રામાં વહેંચાયાં અને મૌલવીઓના એને આશીર્વાદ મળ્યા, એ કાંઈ નાની સૂની પ્રાપ્તિ ન કહેવાય ! પયગંબરની વાણીમાં હરફેય આમ તેમ ન થઈ શકે એવી દઢ માન્યતાને ઓગાળી સઘળા ધર્મોના નવનીતરૂપે લોકો સમક્ષ ધર્મ-સાર તારવી આપ્યો. આ જ રીતે જૈન ધર્મના પણ અનેક ગ્રંથો ચાલ્યા આવે. વિનોબાની પ્રેરણાથી અનેક ધુરંધર જૈનાચાર્યોએ ભેગા બેસી જૈન-ધર્મના સારરૂપે 'समण सुत्तम्' નું દોહન કર્યું, તે પણ આ યુગની એક અનોખી ઘટના જ કહેવાય !

## સ્ત્રીઓનો બ્રહ્મવિદ્યા-ક્ષેત્રમાં પ્રવેશ

પોતાના બેઉ નાના ભાઈ પોતાની પાછળ સંન્યાસી બનીને આજીવન બ્રહ્મચારી રહ્યા, અને શાંતાતાઈને પરંપરા મુજબ લગ્ન કરવા પડયાં, આનો ધોખો અંતરમાં રહી ગયેલો. એટલે

પદયાત્રા દરમ્યાન ઘણી વાર કહેતા કે હું મારુ અંતિમ આયખું બહેનોની સેવા પાછળ આપવા માગું છું. જયાં સુધી બ્રહ્મવિદ્યામાં સ્ત્રીઓનું પ્રદાન નહીં થાય, ત્યાં સુધી અધ્યાત્મવિદ્યા એકાંગી અને અધૂરી રહી જશે. આ ભૂદાન-પદયાત્રાની એક ભવ્ય સિદ્ધિરૂપ કાર્ય થયું તે-સ્ત્રીશકિતનો બ્રહ્મવિદ્યાના ક્ષેત્રમાં પ્રવેશ અને તે માટે ઊભો થયેલો મહિલાઓનો આશ્રમ એટલે 'બ્રહ્મ-વિદ્યા-મંદિર. આમ તો અહિંસક સમાજના પ્રમુખ પ્રેરણાસ્રોત સમા, વીજળીનો પુરવઠો સતત પૂરો પાડતા રહે તેવાં વિદ્યુત -સંચારી માધ્યમો સ્વરૂપ 'આશ્રમ-નિર્માણ' એ પણ આ પદયાત્રામાં જ થયું. દેશમાં કુલ છ આશ્રમો સ્થપાયા. એક એક આશ્રમનો વિશિષ્ટ ઉદ્દેશ અને વિશિષ્ટ માધ્યમ ! બિહારમાં બોધગયામાં 'સમન્વય આશ્રમ' પંજાબના પઠાણકોટમાં 'પ્રસ્થાન આશ્રમ', ઈંદોરમાં 'વિસર્જન આશ્રમ', દક્ષિણમાં કર્ણાટકમાં 'વિશ્વનીડમ્ આશ્રમ', આસામના સાવ સીમાડે બહેનોનો 'મૈત્રી આશ્રમ' અને દેશની વચ્ચોવચ્ચ વર્ધા પાસે પવનારમાં બહેનોનું આ 'બ્રહ્મ-વિદ્યા-મંદિર'.

વિનોબાજીએ સ્ત્રીઓમાં પડેલી આંતરિક શકિતને જગાડવાના કાર્યને 'સ્ત્રી-શકિત-જાગરણ' નામ આપ્યું અને તેમની પ્રેરણાથી દેશમાં આ કામ વિકસ્યું. બ્રહ્મ-વિદ્યા-મંદિર-માં વર્ષોથી ભૂદાનના કામમાં યશસ્વી કામ કરી ચૂકેલી અનેક મહિલાઓ જોડાઈ. ભારતના લગભગ તમામ પ્રાંતોની મહિલાઓનું પ્રતિનિધિત્વ જળવાઈ શકયું ! ઉપરાંત જર્મની, જાપાન, ફ્રાંસની બહેનો પણ સભ્ય બનીને રહી. લગભગ ત્રીસ બહેનોની સામૂહિક સાધનાનો આરંભ ૨૫ માર્ચ ૧૯૫૯ના રોજ થયો. અહીંની સાધનાનાં મુખ્ય પાંચ અંગ હતાં : શ્રમનિષ્ઠા, સ્વાધ્યાય, ભકિત, બ્રહ્મચર્ય અને સામૂહિક સાધના. વિજ્ઞાનયુગની આ સંન્યાસિની બહેનો 'ભિક્ષા' પર જીવનગુજારો નથી કરતી, પરંતુ ત્રણ કલાક ખેતરમાં અને બે કલાક પ્રેસમાં મજૂરી કરે છે. વિનોબાએ આ ચીજને 'બ્રહ્મવિદ્યાના ક્ષેત્રમાં મજૂરીનો પ્રવેશ' કહ્યો. એ જ રીતે 'સર્વસંમતિ' નો આગ્રહ એ પણ આ સમૂહજીવનનું એક વિરલ પાસું છે. કહેવત છે કે 'ચાર મળે ચોટલા અને ભાંગે કોકના ઓટલા', પરંતુ અહીં તો ત્રીસ ત્રીસ બહેનો ૩૫ વર્ષોથી સાથે રહેતી આવી છે અને નૂતન અહિંસક સમાજરચનાના પાયા નિર્માણ કરતી રહી છે.

૭ માર્ચ ૧૯૫૧ ના રોજ પવનારથી શિવરામપલ્લી જવા નીકળેલા વિનોબા ૧૩ વર્ષ, ત્રણ મહિના અને ત્રણ દિવસ પછી પવનાર પાછા આવ્યા, ત્યારે દિવસ હતો ૧૦ મી એપ્રિલ ૧૯૬૪નો. સૂર્યનારાયણના સાતત્યની જેમ આ યાત્રા ચાલી. 'ધર્મચક્રપ્રવર્તન'નું કામ થયું. પદયાત્રા એનું માધ્યમ રહી. અગાઉ પણ ભારતદેશમાં અનેક સાધુ સંતોએ કાશ્મીરથી માંડી કન્યાકુમારી સુધી વિહારયાત્રા કરી છે. શંકરાચાર્ય, રામાનુજ, વલ્લભાચાર્ય વગેરે આચાર્યોની સાથે વિનોબાની પણ ભારતભરમાં યાત્રા ચાલી. તેઓ કહી શકે તેમ હતા કે सब हमारे प्रभु पग पग जोहा- ભારત દેશની ધરતીના કણેકણને એ સ્પર્શી આવેલા સંત છે. કુલ ૩૬,૦૦૦ માઈલની પદયાત્રા થઈ, જાણે વામનાવતારનું એક વિરાટ પગલું !ભારત દેશ ઉપરાંત ત્યારના

પૂર્વ પાકિસ્તાનની પણ પદયાત્રા ૧૯૬૨ માં થઈ, આ એક વિશેષ ઉપલબ્ધિ જ ગણાય. એકે એક સ્થાનની પોતપોતાની સમસ્યાઓ હોય છે. તે સમસ્યા સાથે વૈશ્વિક સમસ્યા જોડી વિનોબા ઉકેલ સૂચવતા રહ્યા. પાકિસ્તાનમાં પહેલે જ દિવસે ભૂદાન મળ્યું, વિનોબાજીએ ત્યાં ABC ત્રિકોણ એટલે અફઘાનિસ્તાન, બર્મા અને સિલોનને સમાવી લઈ ભારત-પાક કોનફેડરેશનની વાત કહી .

## તેર વર્ષે ઘેર પાછા

૧૯૬૪ માં ભારત-યાત્રાની એક પરિક્રમા પૂરી કરી પવનાર પહોંચ્યા હતા, પરંતુ હાથમાં લીધેલું કામ તો કાંઈ પૂરું નહોતું થયું. શરીર હવે લથડયું હતું. ચકકર આવવાને કારણે પદયાત્રામાં જ રસ્તે લથડી જતા હતા. સૌની સલાહ થતી હતી કે થોડા દિવસ વિશ્રામ કરવો.

આમે ય પરંધામ તો એમનું પોતીકું ધામ ! જો કે એમને માટે તો વિશ્વ આખું એમનું ઘર હતું. છતાં ય એમની આ સાધના-ભૂમિ, કર્મ-ભૂમિ તો ખરી જ ને ! અને હવે તો ત્યાં 'બ્રહ્મ-વિદ્યા-મંદિર' સ્થપાઈ ગયું એટલે બહેનોનો તેમના પર પહેલો અધિકાર પણ ખરો જ ! અને વિનોબાએ એક મહિનાનું મૌન આરંભ્યું. તેર વર્ષોમાં ઓછામાં ઓછાં તેર હજાર વ્યાખ્યાનો તો થયાં જ હતાં. એમને મૌનનો અધિકાર હતો.

દોઢ વર્ષ સુધી પવનારમાં રહેવાનું થયું, દરમ્યાન ભાષાના પ્રશ્ન પર દેશમાં રમખાણો થયાં. આમાં વિનોબાને વચમાં પડવું પડયું અને પાંચ દિવસના ઉપવાસ કરીને એમણે આગને ઠારી. આ ગાળા દરમ્યાન, मनुशासनम्, विनयांजलि, ગુરુબોધસાર, વેદાંતસુધા ગ્રંથોનું સંપાદન-સંકલન કર્યું.

## ફરી પાછા બિહાર

૧૯૬૫માં ગોપુરીના સર્વ સેવા સંઘના અધિવેશનમાં છ મહિનામાં બિહારમાં દશ હજાર ગ્રામદાન કરાવવાનું બીડું બિહારે ઉપાડી લીધું અને એને નામ મળ્યું 'તૂફાન'. ૧૯૬૫ની ૨૪મી ઓગસ્ટે તૂફાનયાત્રાનો આરંભ થયો. આ વાહનયાત્રા હતી.

બિહારમાં 'તૂફાન' જામ્યું, પહેલા ૧૦૦ દિવસમાં ૪૦૦૦ ગ્રામદાન જાહેર થયાં. પણ ત્યાં તો એમને 'ફિશર' ની તકલીફ શરૂ થઈ અને એમના અંતરમાં તીવ્ર મંથન શરૂ થયું કે એક જ વ્યકિતના આધારે કાર્યક્રમ ચાલતો રહે એ વૈચારિક રીતે પણ યોગ્ય નથી. આ 'નેતૃત્વ'નો નહીં, 'ગણસેવકત્વ'નો યુગ છે. એટલે લોકોના પુરુષાર્થથી જ કામ આગળ વધવું જોઈએ. આ ચિંતનને પરિણામે વિનોબાએ 'સૂક્ષ્મ-કર્મયોગ' ની શરૂઆત કરી. આ દિવસ હતો ૭ જૂન ૧૯૬૬.

આ 'સૂક્ષ્મ-કર્મયોગ', નિવૃત્તિ-કર્મમુકિત એ શું ઠાલા શબ્દો છે કે નિષ્ક્રિયતા માત્ર છે ? ગાંધીજી કહેતા કે શુધ્ધ માણસની નિષ્ક્રિયતામાં એક મહાન શકિત હોય છે. ગીતાએ

આને 'અકર્મમાં કર્મ' કહ્યું છે. કરતો છતાં ય ન કરતો અને ન કરતો છતાં ય કરતો- આવી આ બેવડી સાધના છે. માણસ ભારે બખડજંતર ઊભું કરીનેય બહુ થોડું કામ કરી શકે છે અને કયારેક બહારથી કશું ખાસ ન કર્યું હોય તો ય એ મોટું પરિણામ લાવી શકે . માણસનું અંતર સાફ હોય તો એ થોડાં કામ પણ ઝાઝું પરિણામ લાવી શકે અને આસકિતરહિત કર્મો કરીને 'કરતો છતાંય ન કરતો' બની શકે. કેટલાક લોકો જીવનના અંતિમ શ્વાસ સુધી સ્થૂળ કામો કરતા રહે છે. પણ વિનોબાની વૃત્તિ જુદા પ્રકારની છે. વિનોબાએ કહ્યું - ગાંધીજી પાસે પહોંચ્યે મને પચાસ વર્ષ થયાં, આ વર્ષોની સ્થૂળ કર્મોની સેવા ભગવાનને સમર્પી, સમાજ તરફ અભિધ્યાન રાખી, હવે હું 'સૂક્ષ્મ કર્મયોગ'માં પ્રવેશીશ. એટલે કે કશું ન કરવા છતાં કરવાની ભૂમિકામાં રહીશ.

'સૂક્ષ્મ કર્મયોગ' માં એટલે શું ? મોટી મોટી સભાઓના જાહેર પ્રવચનો બંધ થયાં, પત્રવહેવાર બંધ થયો. નાની નાની ગોષ્ઠિ ઓમાં વાર્તાલાપ કરે છે. કાર્યકર્તાઓને સલાહ સૂચન આપે છે, પરંતુ નિર્ણય સૌ સાથે મળીને સર્વાનુમતિથી કરે તેવો આગ્રહ રાખે છે.

આ જ ગાળામાં બાઈબલ અને ઋગ્વેદનો સાર તૈયાર થયો. ઉપનિષદોના સારરૂપ अष्टादशी તૈયાર થયું. 'अभंगव्रते' માં ૨૧ વધુ અભંગો ઉમેરાયા. આખેઆખું 'બિહારદાન' જાહેર થયું. ૧૯૬૭ માં પૂસા રોડમાં 'આચાર્યકુળ'ની ભારે મોટી સંકલ્પના પ્રગટ થઈ, જેને ગુજરાતના કેળવણીકાર સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટે સદીનો સર્વોત્તમ વિચાર કહ્યો. સમસ્ત દેશ નૈતિક રીતે સર્વોચ્ચ એવા આચાર્યોના પરિવારના કહ્યામાં હોવો જોઈએ, આ મંડાણ પર એમણે શિક્ષકોને નિર્ભય- નિર્વૈર અને નિષ્પક્ષ બનવાની શીખ આપી. આ વિચારોને આધારે તા. ૮-૩-૬૮ના રોજ કહલગાંવમાં 'આચાર્યકુળ' ની સ્થાપના થઈ.

આમ તો વિનોબા છ મહિના માટે બિહારમાં 'તૂફાન' ઊભું કરવા નીકળેલા, પરંતુ ચાર વર્ષ રહ્યા. દરમ્યાન સરહદના ગાંધી બાદશાહખાન ૨૨ વર્ષ પછી ભારત આવી રહ્યા હતા, એટલે એમને મળવા વિનોબાજીએ સેવાગ્રામની વાટ પકડી.

અને ૧૯૭૦ માં વિનોબા પાછા બ્રહ્મ- વિદ્યા- મંદિરમાં નિજધામમાં આવી ગયા. સાંજ પડી ગઈ હતી અને પંખી પોતાના માળામાં પાછું ફરી ગયું હતું !

# ૭. સૂક્ષ્મ કર્મયોગ

## (૧૯૭૦ થી ૧૯૮૨)

૧૯૭૦ માં વિનોબા પાછા પોતાના પવનાર આશ્રમમાં 'કર્મમુકિત' નો સંદેશ લઈને આવી ગયા. આમ તો 'સૂક્ષ્મ કર્મયોગ'માં જ થોડીઝાઝી કર્મમુકિત શરૂ થઈ ગઈ હતી, પરંતુ બિહારના કામમાં થોડું ધ્યાન આપવું પડતું હતું છતાં ૧૯૭૦ માં પવનાર આવી, ઑક્ટોબરમાં જયારથી ક્ષેત્રસંન્યાસ જાહેર કર્યો ત્યારથી કર્મમુકિતની સાથોસાથ ગ્રંથમુકિત પણ થઈ, અધ્યયન-મુકિત પણ થઈ અને અધ્યાપન-મુકિત પણ.

## કર્મ-મુકિતમાં પ્રભુસ્મરણ

બસ , તો હવે શું કરવાનું ? આશ્રમનું સફાઈકામ કરતા રહે. કહે , આ મારો જાપ છે. એકેક તરણું ઉપાડું છું એની સાથે નામસ્મરણ ચાલે છે. આમ તો વિનોબાએ પોતે જ એમના જીવનના ચાર વિભાગ પાડયા છે. ૧૮૯૫ થી ૧૯૧૬ સુધીના કાળને अयुक्त: એટલે સાધના પહેલાંનો કાળ કહ્યો; ૧૯૧૬ થી ૧૯૫૧ સુધીના કાળને युकत: એટલેકે સાધનાપૂર્વકનો કાળ કહ્યો, ૧૯૫૧ થી ૧૯૭૦ સુધીના કાળને वियुक्त: એટલે કે વિશેષરૂપે યોજાયેલો કાળ અને ૧૯૭૦ થી અંતિમ ક્ષણ સુધીના કાળને मुक्त કહ્યો.

## 'પંચાયતન'નું અભિધ્યાન

૧૯૭૦માં ઑક્ટોબરમાં ક્ષેત્ર સંન્યાસી બનીને સ્થાનક-વાસનો સંકલ્પ જાહેર થયો. આપણા જેવા સામાન્યજનો માટે આ બધા માત્ર જુદા જુદા શબ્દો લાગે, પરંતુ અધ્યાત્મપંથના સાધકો માટે તો આ બધા ઉપર પહોંચાડતી સીડીનાં જુદાં જુદાં પગથિયાં જેવું કામ આપે ! ક્ષેત્રસંન્યાસનો સંકલ્પ લીધો ત્યારે એમણે કહ્યું કે હવે મારું 'અભિધ્યાન' ચાલશે. એટલે કે સંસાર સાવ છોડી દેવાનો નહીં, પણ દુનિયાને સામે રાખી જે લોકો મદદ ઈચ્છે તેને સૂક્ષ્મ રીતે મદદ પહોંચાડવી. કાર્યકર્તાઓને એમણે કહી દીધું કે તમારે મને દર મહિને પત્ર લખવો. હું એનો જવાબ નહીં આપું. પણ પત્ર વાંચીશ, એના પર ચિંતન કરીશ અને એમાં જે કાંઈ શુભ હશે, તેની સાથે મારો માનસિક સંકલ્પ જોડી દઈશ.

આ જ ગાળામાં વિનોબાએ **'શં ના ર ગ દે'** ના 'પંચાયતન'ની વાત કહી. **શં** એટલે શંકર એટલે બ્રહ્મવિદ્યા. **ના** એટલે નારાયણ એટલે કે ગ્રામ સ્વરાજય. **ર** એટલે રવિ - સૂર્યનારાયણ એટલે કે શાંતિસેના. **ગ** એટલે ગણપતિ. વિદ્યાના ભગવાન, એટલે કે આચાર્યકુળ. અને છેલ્લે **દે** એટલે દેવી -દેવનાગરી લિપિ.

આ પંચાયતનનાં પાંચ કાર્યો અંગે પોતાનું 'અભિધ્યાન' રહેશે એમ કહ્યું કાર્યકતાઓને ત્યારે એક જ વાત કહેતા હતા કે કોઈ એક જિલ્લો લો અને એને ગાંધી-જિલ્લો બનાવવા બધાં રચનાત્મક કામો હાથમાં લો.

આમે ય વિનોબાનું આખું કામ પહેલેથી જ જનતા-જનાર્દન વચ્ચેનું કામ રહ્યું હતું એમનું આંદોલન પણ જન-આંદોલન જ હતું,. સત્તા કે પક્ષાપક્ષીના રાજકારણ સાથે એમને કોઈ લેવા દેવા નહોતી. એમણે તો ત્યાં સુધી કહી નાંખેલું કે મારો જન્મ જ આ સત્તાના રાજકારણને તોડવા થયો છે. રાજનીતિ તો રાક્ષસોનું શાસ્ત્ર છે. એને ભૂલી જાઓ અને વિશ્વનું ચિંતન કરો. આજની Democracy વાસ્તવમાં Demon-Cracy (રાક્ષસ-શાહી) બની ગઈ છે, આટલી હદે વર્તમાન રાજકારણ અને સંસદીય લોકશાહી અંગે તેમની માન્યતા હતી.

## બિહાર-આંદોલન

એટલે જ ૧૯૭૪-૭૫માં આદરણીય સ્વ. શ્રી જયપ્રકાશ નારાયણના નેતૃત્વમાં સરકારને વિખેરી નાંખવા જે બિહાર-આંદોલન થયું અને સર્વ-સેવા-સંઘના સાથીઓએ તેમાં જોડાવાનું વલણ દાખવ્યું, ત્યારે આરંભમાં વિનોબાએ આ રાજકીય પ્રવૃત્તિમાં ન પડવાની સલાહ આપી. પાછળથી કેટલાક લોકોની તીવ્ર ઈચ્છા જોઈ અને થયું કે આ મુદ્દા પર વર્ષોની અથાગ મહેનત પર ઊભો થયેલો 'સર્વ સેવા સંઘ' તૂટી ન જાય, એટલે કાર્યકર્તાઓને 'સત્ય-અહિંસા-સંયમ' ની ત્રિગુટીની ગોળી આપી પોતપાતાની રુચિ મુજબ કામ કરવા સલાહ આપી.

પછી તો 'બિહાર આંદોલન' આખા દેશમાં પ્રસર્યું, દિલ્હીની સત્તાને ઉથલાવવાની વાત આવી, ત્યારની સરકારે કટોકટી દાખલ કરી, રાષ્ટ્રના અગ્રણી નેતાઓને જેલમાં લઈ જવામાં આવ્યા....આ બધી ઘટનાઓ કાળાં વાદળોની જેમ દેશ પર ઊતરી આવી.

વિનોબાની ભૂમિકા તો પહેલેથી દીવા જેવી સાફ હતી. આ બધો ઉપક્રમ ઊભો કરવામાં એમનો કોઈ અભિક્રમ કે સાથ સહકાર તો નહોતા જ, બલ્કે સાથીઓને આવું કરતાં વારવાનો થોડો ઘણો પ્રયત્ન હતો. કટોકટી લાદવા સુધીની પરિસ્થિતિ આવી પડી, તો એક બાજુથી સાથીઓને સાંત્વન આપતા રહ્યા, બીજી બાજુ સત્તાધિકારીઓને કટોકટી હટાવવા સમજાવતા રહયા. ધ્યાનમાં રહે કે આ બધું 'સૂક્ષ્મ કર્મયોગ' અને 'કર્મ-મુક્તિ'ના સાધના-પ્રદેશમાં પ્રવેશી ચૂકેલા જીવનસાધકને કરવાનું હતું, જેની કર્મ-પ્રક્રિયા ચીલાચાલુ સાધકોથી કાંઈક જુદા જ પ્રકારની હતી !

## આચાર્યોનું અનુશાસન

વિનોબાને સ્પષ્ટ સમજાતું હતું કે આ બધું થયું, કારણ કે 'દેશમાં કોઈ સર્વોચ્ચ નૈતિક તટસ્થ પરિબળ' સંઘ રૂપે વિકસી નહોતું શક્યું, જેના અનુશાસનમાં સત્તાધારી પક્ષ અને સત્તાકાંક્ષી વિરોધ-પક્ષો રહે. આવું 'આચાર્યોનું અનુશાસન' ઊભું કરી સત્તાનું શાસન એના કહ્યામાં રહે- આવી વાત ૧૯૭૫ની ૨૫મી ડિસેમ્બરે, પોતાનું એક વર્ષનું મૌન છોડતાં વિનોબાએ કહી.

## ગોહત્યાબંધી માટે સત્યાગ્રહ

જો સત્તાનું શાસન આચાર્યોના અનુશાસનમાં નહીં રહે તો સત્યાગ્રહનો પ્રસંગ આવી શકે- આવી વાત ૧૯૭૫માં વિનોબાએ કહી, અને ૧૯૭૬માં તો આવો સત્યાગ્રહ કરવાનો પ્રસંગ વિનોબાના માથા પર જ આવી પડયો.

ગોરક્ષાના પ્રશ્ન અંગે ૧૯૭૬માં ભરાયેલા 'આચાર્યકુળ'ના એક સંમેલનમાં સરકાર ગોવધબંધીનો કાયદો કરે તેની જવાબદારી આચાર્યોએ ઉપાડવાની વાત તેમણે કહી હતી. ૧૯૭૬નું વર્ષ વિનોબાની માતાનું જન્મ-શતાબ્દીનું વર્ષ હતું. માને તેઓ એક દિવસ પણ ભૂલી શકતા નહોતા. એ જ માએ વિનોબાને કહ્યું વિન્યા, તને નાનપણમાં મેં શીખવ્યું હતું કે તુલસીને પાણી અને ગાયને ખવડાવી પછી તું ખા. પણ અત્યારે તો ગાયો કપાઈ રહી છે, તું ગાય માટે કશુંક કર. ગાય બચી જશે તો ભારતને ભારે મોટો લાભ થશે.

ત્યારે વિનોબાને ૮૧ વર્ષ પૂરાં થવામાં ત્રણ મહિના બાકી હતા અને માનો આ આદેશ ! પણ માની વાત ટાળવી અશક્ય હતી એટલે વિનોબાએ જાહેર કરી દીધું કે આ ત્રણ મહિનામાં, એટલે કે ૧૧મી સપ્ટેમ્બર ૧૯૭૬ સુધીમાં ભારત સરકાર ગોહત્યાબંધી જાહેર નહીં કરે તો હું આમરણ ઉપવાસ પર ઊતરી જઈશ ! એપ્રિલ મહિનાથી જ વિનોબાએ અડધો આહાર કરી આંશિક ઉપવાસ તો આરંભી જ દીધા હતા.

પરંતુ વિનોબાજીએ ઉપવાસ ન કરવા પડયા. ત્યારે ઈંદિરા સરકાર હતી. તેમણે આઠમી સપ્ટેમ્બરે જ કેરળ અને પશ્ચિમ બંગાળ સિવાયના ભારતનાં તમામ રાજ્યોમાં કાનૂન દ્વારા ગોહત્યા પર પ્રતિબંધ મૂકી દીધો.

પરંતુ બાકી બે રાજયોમાં પણ ગાયોની જે નિર્મમ હત્યા થતી હતી તેથી વિનોબાનું હૃદય દુઃખી દુઃખી હતું. એટલે ૧૯૭૯માં એમણે પહેલી જાન્યુઆરીથી ફરી પાછા આંશિક ઉપવાસ આદરી, ૨૨મી એપ્રિલ સુધીમાં સંપૂર્ણ ભારતમાં ગોહત્યાબંધી ન થાય તો પૂર્ણ ઉપવાસ પર ઊતરી જવાનો સંકલ્પ જાહેર કર્યો.

## પાંચ દિવસના ઉપવાસ

દેશભરના તમામ કાર્યકરો ગોહત્યાબંધીનો કાયદો કરવા સરકાર પર દબાણ લાવવાના અને વ્યાપક જનમત તૈયાર કરવાના કામમાં લાગી પડયા. કેરળ અને કલકત્તા કામનાં મુખ્ય મથક બન્યાં. જાણે યજ્ઞ મંડાયો હોય તેમ કાર્યકરોનું ચિંતન-સર્વસ્વ અને સમસ્ત પુરુષાર્થ આહુતિ રૂપે અપાતાં રહયાં. તેમ છતાંય ૨૨મી એપ્રિલ આવી પહોંચી અને સરકાર તરફથી કોઈ જાહેરાત ન થઈ એટલે વિનોબાજીએ તો પવનારમાં આમરણાંત ઉપવાસ આરંભી દીધા.

આખા દેશમાં જાણે હલચલ મચી ગઈ. ગાય તો ભારતીય સંસ્કૃતિનો પ્રાણ. ભારતીય કૃષિની કરોડરજજુ જેવા બળદ-ગાયની આમ આડેધડ હત્યા થાય તો દેશ કયાં જઈને ઊભો રહે ! સરકાર પર સારું એવું દબાણ આવ્યું અને મારા શાસનમાં એક સંતને ઉપવાસ

કરીને પ્રાણ આપવા પડે એ ઠીક નહીં એવા કારણસર પણ મોરારજીભાઈની સરાકારે સંતને વચન આપ્યું કે સરકાર વહેલી તકે આખા ભારતમાં ગોહત્યાબંધીનો કાયદો જાહેર કરી, બાકીનાં બે રાજ્યોમાં પણ પ્રતિબંધ લાવશે. સરકારના વચન પર વિશ્વાસ મૂકી ઉપવાસના પાંચમા દિવસે, ૨૬મી એપ્રિલે વિનોબાજીએ ઉપવાસનાં પારણાં કર્યાં.

પરંતુ કમભાગ્યે થોડા જ દિવસોમાં એ સરકારનું પતન થયું અને ત્યાર પછી ઘણી સરકારો આવી ને ગઈ, પરંતુ કોઈની વચન પાળવાની સન્મતિ જાગી નથી અને દેશનું અણમોલ પશુધન અંધાધૂંધ રીતે કપાઈ રહ્યું છે.

## દેવનાર-સત્યાગ્રહ

છેવટે આ પણ સહન ન થતાં ૧૯૮૧ની ૨૪મી ડિસેમ્બરે વિનોબાએ જાહેર કર્યુ કે કૃષિપ્રધાન ભારતદેશમાં કોઈ પણ ઉંમરનાં ગાય-બળદ ન કપાય તે માટે સંપૂર્ણ ગોવંશ-હત્યા-બંધીનો કાયદો કરવા સરકાર સામે મુંબઈના દેવનારના કતલખાના પર સત્યાગ્રહ કરવો. વિનોબાજીએ પોતાના પ્રતિનિધિરૂપે શ્રી અચ્યુતરાવ દેશપાંડેને સ્થાપી ૧૧મી જાન્યુઆરી ૧૯૮૨થી દેવનાર કતલખાના સામે સત્યાગ્રહના શ્રીગણેશ કરાવ્યા.

છેલ્લાં તેર વર્ષથી આ સત્યાગ્રહ સતત રાત-દિવસ અખંડ ચાલી રહયો છે. વારાફરતી સત્યાગ્રહીઓની ટુકડી કતલખાનાના દરવાજે જઈ ઊભી રહી અંદર જતા બળદોને રોકે છે, પોલીસ એમને પકડી જાય છે અને કલાક બે કલાકમાં છોડી દે છે ! જાણે સત્યાગ્રહ એક નાટક થઈ ગયું છે ! સરકારોનાં પેટનું પાણી પણ હાલતું નથી, અને અચ્યુતકાકાની અખંડ તપશ્ચર્યા ચાલી રહી છે !

## મરણનો પૂર્વપ્રયોગ

પરંતુ વિનોબાએ માન્યું કે એમનાથી જે કાંઈ શકય હતું તે તમામ એમણે કર્યું, હવે તો કર્મમુકત થઈ, સહજ ભાવે જે સલાહ-સૂચનો આપી શકાય તે આપતાં રહી, મૃત્યુની રાહ જોવી એ જ કામ બાકી હતું.

વિનોબાના આ મૃત્યુની રાહ જોવાના દિવસો ખૂબ મઝાના હતા. એમનું આ અંતિમ પર્વ જાણે એમના જીવનમંદિરના સુવર્ણકળશ સમું હતું. ધીરે ધીરે જાણે બધું સમેટાઈ રહ્યું હતું. વિનોબા સ્વયં સંકેલાઈ રહ્યા હતા, એના તાદશ દર્શન થતા. પોતાના સાથીઓને કયારનું કહી દીધું હતું કે હવે હું કેવળ બે જ વિષયો વિષે જ્ઞાનચર્ચા કરીશ અધ્યાત્મ અને આરોગ્ય. અધ્યાત્મમાં પણ બ્રહ્મ-પરબ્રહ્મની શાસ્ત્રીય ચર્ચા નહીં, પરંતુ સાધકની હૃદય-ગ્રંથિ ભેદવા સહાયક થઈ શકે તેવો અંગુલિનિર્દેશ ! આમે ય વિનોબા પહેલેથી આંગળી ચીંધવાનું જ કામ કરતા.-' તેઓ કહેતા હું તો એક પાટિયું છું, જેના પર લખ્યું છે કે આ રસ્તો અહીં પહોંચાડશે .માર્ગદર્શક પાટિયું કદી કોઈનો હાથ પકડીને ઠેકાણે પહોંચાડતું નથી, એનું કામ

માત્ર રસ્તો ચીંધવાનું છે, મારું પણ આ જ કામ છે.'

'બ્રહ્મવિદ્યા-મંદિર'ના તો એ પ્રેરક-પ્રણેતા કહેવાય, પણ ત્યાં ય આ જ સંબંધ ધબકતો રહ્યો. કહે - 'હું એક ડિકશનરી જેમ રહીશ.જરૂર પડે તે આવીને શબ્દનો અર્થ શોધી લે. જરૂર ન પડે તો એ પડી રહે.સામે ચાલીને એ કોઈને અર્થો બતાવવા નીકળી ન પડે !'

૧૯૮૧ માં પોતાની નાનકડી 'ગીતાઈ' પર લખી નાંખ્યું -'त्यांचे कर्तव्य संपले' -એનાં કર્તવ્યો પૂરાં થયાં. હવે તો 'વિનોબા' નામનો પણ જાણે ભાર લાગતો હોય તેમ પોતાની સહી કરવાને બદલે 'રામ-હરિ' જ લખતા. પ્રારબ્ધક્ષય સુધી પ્રાણ ચાલતા રહે તો શ્વાસ લેતાં 'રામ' અને શ્વાસ બહાર કાઢતાં હરિ-આમ સતત નામજપ ચાલતો. બહારથી મૌન દેખાય, પણ ધ્યાનથી જોઈએ તો કાં તો એમની તર્જની, કાં પગ 'રામ-હરિ' ના જપના ઠેકા લેતા ઊંચા-નીચા થતા દેખાય !

આમે ય વર્ષોથી વિનોબા રોજેરોજની નિદ્રાને પણ મૃત્યુનું રિહર્સલ એટલે કે પૂર્વપ્રયોગ કહેતા. એમના માટે નિદ્રા એ સમાધિ હતી. આમ તો છેલ્લાં કેટલાંય વર્ષોથી સાંજે પ્રાર્થના પછી છ વાગે એ પોતાની શય્યા ભેળા થઈ જતા. મધરાતે અઢી-ત્રણ વાગે એમનો દિવસ ઊગી જતો. એ કહેતા -રાતે જાગું એટલી વાર પ્રભુસ્મરણ અને ધ્યાનમાં વીતે, સૂઈ જાઉં ત્યારે 'સમાધિ' લાગે !

આમ તો વિનોબાનું માનવું હતું કે મૃત્યુની ક્ષણ નક્કી છે. મોતની ઘડી અટલ છે. 'પાંચમની છઠ ન થાય' એવી આપણી ભારતની લોકશ્રદ્ધા છે જ. વિનોબા પણ એ જ ડાળના પંખીડા હતા. પરંતુ પોતાના સાથીઓને કહેતા કે તમારે સો વર્ષ પૂરાં કરવાનાં છે. પણ પોતાના માટે કહે-હું જે દિવસે મરું તે દિવસે સમજવાનું કે મારાં સો વર્ષ પૂરાં થઈ ગયાં. બીજાને કહેતા-જ્યારે મરવું હોય ત્યારે મરો, પણ રાગ-દ્વેષમાંથી છૂટયા પહેલાં મરવાની છૂટ નથી. આત્મસાક્ષાત્કાર કરીને જ મરવાની છૂટ તેમના તરફથી હતી. સ્પષ્ટ દેખાતું હતું કે એમના રાગ-દ્વેષાદિ વિકારો અત્યંત ક્ષીણ થઈ ગયા હતા. આમ તો આત્મસાક્ષાત્કારી વ્યકિતને આત્મ-સાક્ષાત્કારી વ્યકિત જ પારખી શકે, એટલે આવી પહોંચેલી-પામેલી વ્યકિત માટે કશું કહેવું એ વાણીવિલાસ થઈ જાય ! પરંતુ તેઓ અત્યંત સહજ સ્થિતિમાં પોતાની કોઈ નિરાળી ભૂમિકામાં સ્વસ્થ-સભર લાગતા. હવે તેમને કશું પામવાનું-મેળવવાનું બાકી નહોતું, માત્ર 'હોવા'ની તેમની સ્થિતિ હતી.

છેલ્લા જન્મ દિવસે ૧૯૮૨ની ૧૧મી સપ્ટેમ્બરે મિત્રમંડળી ભેગી થઈ ત્યારે કહે-આજે આનંદખુશીથી જન્મજયંતી ઊજવો છો, એ જ રીતે 'મયંતી' પણ ઊજવશો ને ? ' કાળદેવતા સામે આવીને ઊભા રહે ત્યારે તુકારામ જેમ ગાવાનું કેआम्हीं आनंदे नाचूं गाऊं ! હવે મૃત્યુ આવશે, તો દેહને આવશે, હવે अब तो हम अमर भाये કેમ કે જે કારણે

દેહ ધરવાનો હોય છે, તે કારણ જ છૂટી ગયું ! તેઓ ક્યારેક 'સંથારા'ની વાતો પણ કરતા. 'ઇચ્છામૃત્યુ' અંગે ચર્ચાઓ ચાલતી. પણ અંતિમ અવસ્થામાં ઇચ્છાઓ બધી ખરી ગઈ હતી. કહેતા- આખરે તો એ લોક જ આપણો લોક છે. આ ઘર તો પરાયું છે. ત્યાં હસતાં-ગાતાં જઈશું ! અહીં ચાર દિવસ વિતાવવાના છે - એ પણ હસતાં ગાતાં !

છેલ્લાં વર્ષોમાં આશ્રમમાં જે કોઈ મળવા આવે તેમને 'દેવનાર જાઓ, ગોરક્ષા માટે સત્યાગ્રહ કરો' કહેતા. પણ છેલ્લા દિવસોમાં તો બે ત્રણ વાતો પર જ રટણ ચાલતું- 'एक दिन जाना है रे भाई पढते रहो, गीताई और ऋग्वेद के ६३ मंत्र ' અથવા તો 'બાબા'ને ભૂલો, 'ગીતાઈ'ને યાદ રાખો !'

વિનોબાને લોકો ભૂલી જાય એમાં એમને ભારે રસ પડે. પોતાને 'विसरले विनोबा- વીસરાઈ ગયેલા વિનોબા' સ્થાપિત કરવામાં એમને ખૂબ મઝા પડે. કહે 'લોકો બાબા'ને બહુ બહુ તો શતાબ્દી સુધી યાદ રાખશે. પછી કાળગંગામાં વિનોબા વિલીન થઈ વીસરાઈ જશે'. માનો લાડકો 'વિન્યો' સાવ 'વિનાનો' થઈ જાય તેવું તેમને ગમતું.

અંતિમ પર્વમાં વિનોબા વિનોદાનંદ બની ગયા હતા. ખૂબ હસાવે અને પોતે પણ ખૂબ હસે. એમની ઓરડીમાંથી હાસ્યના ફુવારા છૂટતા હોય ! ગમ્મત સાથે જ્ઞાનની લહાણી તો હોય જ.

એક ભગવાધારી સાધુ આવ્યા. હૃષિકેશમાં વર્ષોથી રહે. એમને જોઈને કહે- ઋષીકેશમાં રહો છો. હૃષીક + ઈશ એટલે કે જેનો ઇંદ્રિય પર કાબૂ છે તે છે ઋષીકેશ.'

એ જ રીતે એક વાર સિને-અભિનેતા જિતેન્દ્ર દર્શનાર્થે આવ્યો. એને કહે-નામ તો તમારું 'જિતેન્દ્ર' છે, એટલે ઇંદ્રને તો જીતી લીધો છે, પણ ઇન્દ્રિયો પર જીત મેળવી છે કે નહીં ?'

બીજા દિવસે છાપામાં આવ્યું વિનોબાએ જિતેન્દ્રને પૂછ્યું કે તેં ઇન્દિરાને જીતી છે કે નહીં ?

આવો જ છે છાપાનો પ્રચાર ! માટે તો વિનોબાને કહેવું પડેલું કે મને 'બ્રોડકાસ્ટ'માં નહીં, 'ડીપ-કાસ્ટ'માં વિશ્વાસ છે. !

એક વાર રેડિયોવાળા વિનોબા-વાણીને ટેપ કરવા આવ્યા. પણ વિનોબા કાંઈ બોલે તો ટેપ કરે ને ! હસતાં હસતાં વિનોબા કહે-તમારું આ ટેપ મારું બોલેલું તો એમાં ઉતારી લેશે, પણ એને 'મૌન' પણ ટેપ કરતાં આવડશે કે ?

## ૮. અંતિમ પર્વ

(૮ નવેમ્બર થી ૧૫ નવેમ્બર-૧૯૮૨)

છેલ્લી વર્ષગાંઠ ૧૧મી સપ્ટેમ્બર ૮૨ના રોજ ઊજવાઈ ગઈ. પરંતુ વિનોબા તો હવે એવા પ્રદેશમાં પહોંચી ગયા હતા જ્યાં સ્થળ-કાળ-દિશા બધું જ વિલોપાઈ જતું હતું.

છતાં ય તેઓ હજુ ધરતી પર હતા, દેહસ્થ હતા એટલે દેહધર્મો પણ હતા. ૫મી નવેમ્બરે આખો દિવસ શરીરમાં ઝીણો તાવ રહ્યો. રાતે સવા આઠે શ્વાસનો વેગ વધી ગયો, નાડી જલદી ચાલવા લાગી, આખા શરીરે કંપન અને પરસેવો ફરી વળ્યો. દાક્તરોએ તપાસી નિદાન કર્યુ-હૃદયરોગનો હુમલો ! સારવાર શરૂ થઈ.

મુંબઈના નિષ્ણાત ડૉક્ટર આવી ગયા. વિનોબા-કુટિરમાં જ 'ઈન્ટેન્સીવ કેર યુનિટ' ખડું કરી દેવામાં આવ્યું ! જાણે આ બાબા-કુટિર જ નહીં ! રોજની પાટને બદલે હોસ્પિટલનો પલંગ, પડખે કાર્ડિયોગ્રામ યંત્ર ને દવાખાનાની મુડદાલ ચૂપકીદી ! અંદર જવાની મનાઈ !

પણ સાતમી તારીખે તો ડોકટરોનું બુલેટિન બહાર પડ્યું કે તબિયત એકધારી સુધરી રહી છે. દેશ આખામાં સમાચાર ફરી વળ્યા. સૌને ધરપત થઈ.

પરંતુ આઠમી તારીખે રાતે કશુંક અવનવું આરંભાયું ! રાત્રે સવા આઠ વાગે પાણી-દવા લેવાનો સમય થયો, પણ વિનોબાએ ના પાડી દીધી ! નવમી તારીખ સવારે પણ દવાની ના, પાણીની ના, આહારની ના ! સેવક જયદેવભાઈ મૂંઝાઈ ગયા. પહેલાં તો એમ કે હવે દવા નહીં લેવી હોય, પણ આ તો આહાર જળ બંનેનો ઈન્કાર થઈ રહયો છે, શું સમજવું ?

આશ્રમમાં શ્રદ્ધેય શિવાજી (પૂજય આબા) તથા દાદા ધર્માધિકારીજી હાજર જ હતા. બંનેએ બાબાને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે પાણી તો લો ! ગંગાજળ લેશો ? પણ ઈશારાથી ના, ના ને ના ! એવી જોરદાર 'ના' કે કોઈ એને 'હા' કરવાની હિંમત ન કરી શકે. અને દાકતરોને ફરી જાહેર કરવું પડ્યું કે તબિયત તો નિશ્ચિતપણે સુધરી રહી હતી, પરંતુ હવે આ આહાર-દવા-પાણી ન લેવાના નિશ્ચયને કારણે ગંભીર જોખમ ઊભું થયું છે !

દેશ આખામાં સમાચાર ફેલાઈ ગયા અને આશ્રમમાં મુલાકાતીઓ અને દર્શનાર્થીઓનું પૂર ઊમટ્યું. જે દિવસે પાણી-ઔષધ-આહાર છૂટ્યા, તે જ દિવસથી ઈન્ટેન્સીવ કેર-યુનિટ ફરી પાછું 'બાબા-કુટિ' બની ગયું હતું ! કુટિયાની વિશાળ બારીમાંથી આખ્ખે આખ્ખી કુટિયા જોઈ શકાય તેમ હતું. દર્શનાર્થીઓનો લોકપ્રવાહ વહેવાનું શરૂ થઈ ગયું !

આ અંતિમ દર્શન હતાં ! એને કોણ ચૂકે ? દેશના ખૂણે ખૂણેથી લોક ઊમટ્યા. નાંનાં-મોટા તમામ આવી પહોંચ્યાં. ત્યારના વડા પ્રધાન ઈંદિરાજી પણ રાજીવને સાથે લઈને આવ્યાં. એમને જોતા વેંત બાબાએ યાદ કરાવ્યું-ગઈ વખતે કહેલું તેમ 'રામ-હરિ'નો જાપ

કરો છો ને ? અત્યંત શ્રમિત હાલતમાં પણ આવનારા પ્રત્યેક સાથેની પોતાની નિસબત નીચે લીટી દોરી આપે-કાં એકાદા શબ્દથી, કાં કોઈક ઈશારાથી, કાં મીઠી મુસ્કાનથી !

દેવનાર સત્યાગ્રહના સંચાલક શ્રી અચ્યુતકાકા આવ્યા. એમને કહે- 'કાકા, હું થાકી ગયો !' બારમી-તેરમી તારીખે તો ઠીક રહ્યું, પેશાબમાં પણ એસિટોન જતું નહોતું. બધું નોર્મલ હતું, ચૌદમીનું બુલેટિન પણ કહેતું હતું કે અશક્તિ અને થાક હોવા છતાં તેઓ ભાનમાં છે અને ચહેરો આધ્યાત્મિક તેજે ચમકી રહયો છે ! પરંતુ ૧૪મીની સાંજે નાડી સાવ ધીમી પડતી ગઈ, લોહીનું દબાણ સાવ હેઠું ગયું ! તપાસીને દાકતરોએ કહયું-હવે ઘડી બે ઘડીનો પ્રશ્ન છે !પણ સેવકે ધ્યાન ખેંચ્યું કે આવી હાલતમાં પણ પગનો હળવો ઠેકો તો ચાલુ જ છે !

ડૉક્ટર કહે - This is beyond our medical science. આરોગ્ય-વિજ્ઞાનના ક્ષેત્રની બહારની ચીજ છે આ! દોઢ કલાક પછી ફરી તપાસ્યા તો નાડી, બી. પી. ટેમ્પરેચર બધું નોર્મલ !

૧૫મી નવેમ્બરે દીપાવલીનું પુણ્ય પર્વ હતું. દિવાળીનું એ પ્રભાત કાંઈક નવલું બનીને જ પ્રગટ્યું હતું. દિવાળીના જ શુભ દિને ભગવાન મહાવીર સ્વામીએ ચિર સમાધિ લીધી હતી. વિનોબાના માનસ પર મહાવીર સ્વામીનો જબરો પ્રભાવ હતો. તદુપરાંત સ્વામી રામતીર્થ નો પણ પુણ્યદિવસ દીપાવલીનો દિવસ જ હતો, એટલે બાબાએ આ દિવસ માટે જ દેહ ટકાવી રાખ્યો છે, એવી ઘણાની ધારણા અને શ્રદ્ધા હતી. અને થયું પણ એવું જ.

રાત્રે જ ફ્રાંસ ગયેલી આશ્રમની ફ્રેંચ કન્યા ઋતા પાછી પહોંચી ગઈ હતી. તે સવારે સાડા સાત વાગે આવીને બાબાને આગ્રહ કરવા લાગી- You must drink. ત્યારે બાબાએ મલકાઈને સંકેત કર્યો કે 'તું જ પી લે'.

પછી એનિમા લીધો. સેવક પાસે ચાદર બદલાવી, કપડાં બદલાવ્યાં અને સ્વચ્છ-શાંત થઈને પથારીમાં સીધા સૂતા.

૯.૩૦ વાગ્યા.ચહેરો એકદમ શાંત ! આંખો બંધ. શ્વાસોશ્વાસની એકે એક ગતિ અનુભવી શકાય એવી એકધારી, પગનો 'રામ-હરિ'નો તાલ ! ઘડિયાળનો કાંટો સાડા નવ પર આવ્યો. છેલ્લો શ્વાસ લીધો અને શંખધ્વનિ ફૂંકાયો અને સાથે મંત્ર...રામ-હરિ કી જય !

અને આમ એક પુણ્યજીવનની સમાપ્તિ થઈ ! ધરતી પરની એ પુણ્યસુંગધ હતી! વાતાવરણ અત્યંત શાંત અને સ્વસ્થ હતું -જાણે કોઈ સુમંગળ ઘટના સાકાર થઈ હોય તેવું પ્રત્યેકે અનુભવ્યું. સોળમી તારીખે ભારતભરમાંથી ઊમટેલા હજારો માનવોની ઉપસ્થિતિમાં ધામ નદીને કિનારે વિનોબા-સેવિકા મહાદેવીતાઈના હાથે અગ્નિસંસ્કાર થયા અને એક દિવ્યાત્મા વિલીન થયો.


Acc. No. 130272
Date 10-9-2010

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.



"हे मोरे चित्त पुण्यतीर्थे जागो रे धीरे । ये ही भारतेर महामानवेर सागर तीरे" ॥

SABARMATI ASHRAM
000758 Ahmedabad
SANT VINOBA GUJ.
MRP: Rs. 8

Library IIAS, Shimla
GJ 891.474 B 469 S
00130272